RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

નવસર્જન સંસ્કૃતિ

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 320
Dt.: 25-09-2025,
Thursday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.
Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com



આ બોનસથી સ્થાનિક વપરાશને વેગ મળશે

## રેલવે કર્મચારીઓને 'દિવાળી', કેન્દ્ર સરકારે ૭૮ દિવસનું બોનસ જાહેર કર્યું

### વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય મંત્રીમંડળે મળેલી બેઠકમાં ૧૦.૯૧ લાખથી વધુ રેલવે કર્મચારીઓને બોનસ તરીકે ૧૮૬૫.૬૮ કરોડની ચુકવણીને મંજૂરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રીય મંત્રીમંડળે દિવાળી પહેલાં જ રેલવે કર્મચારીઓને મોટી ભેટ આપી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેબિનેટે આજે ૨૪ સપ્ટેમ્બરના રોજ ૧૦.૯૧ લાખથી વધુ રેલવે કર્મચારીઓને ૭૮ દિવસનું બોનસ આપવાની જાહેરાત કરી છે. જેના માટે કેન્દ્ર સરકાર રૂ. ૧૮૬૫.૬૮ કરોડ ફાળવશે. સરકારે જણાવ્યું કે, રેલવે કર્મચારીઓને આ બોનસની ચૂકવણી દિવાળી પહેલાં જ કરવામાં આવશે.

આ બોનસનો લાભ રેલવેના ટ્રેક મેન્ટેનર, લોકો પાયલટ, ટ્રેક મેનેજર (ગાર્ડ), સ્ટેશન માસ્ટર, સુપરવાઈઝર, ટેક્નિશિયન, ટેક્નિશિયન હેલ્પર, પોઈન્ટસમેન, રેલવે મંત્રાલયના કર્મચારી અને અન્ય ગ્રૂપના કર્મચારીઓને મળશે. આ બોનસ મુખ્યત્વે નોન-ગેજેટેડ રેલવે કર્મચારીઓને તેમના યોગદાન અને ભારતીય રેલવેની દક્ષતા તથા પર્ફોર્મન્સમાં સુધારા માટે આપવામાં આવે છે. ગતવર્ષે આશરે ૧૧ લાખ કર્મચારીઓને બોનસ મળ્યું હતું. જેનાથી કર્મચારીઓનું મનોબળ વધ્યું હતું.

મીડિયા રિપોર્ટ અનુસાર, આગામી બેઠકમાં બોનસની જાહેરાત નિશ્ચિત છે. રેલવે કર્મચારીઓને બોનસની ચૂકવણી ઘરેલુ ખર્ચ કરવા પ્રોત્સાહન આપશે. આ તહેવારોની સીઝનમાં એક તો જીએસટી ઘટાડાનો લાભ તેમજ બોનસની લ્હાણીના કારણે સ્થાનિક વપરાશ વધવાની અપેક્ષા છે. મોદી કેબિનેટે બિહારમાં બખ્તિયારપુર-રાજગીર-તિલૈયા સુધી રેલવેના ડબલ લેનને મંજૂરી આપી છે. જેમાં રૂ. ૨૧૯૨ કરોડનો ખર્ચ કરશે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, અત્યારસુધી આ સિંગલ લાઈન હોવાથી તેની ક્ષમતા મર્યાદિત હતી. ડબલ લેન થયા બાદ તેની ક્ષમતા વધશે. રેલવે મંત્રાલય અનુસાર, તેની લંબાઈ ૧૦૪ કિમી રહેશે. જે બિહારના ચાર જિલ્લાને આવરી લેશે. જેનાથી રાજગીર, નાલંદા, પાવાપુરી સહિત ટોચના શહેરો સુધી રેલવે સેવામાં સુધારો થશે.

રેલવે કર્મચારી સંગઠનોએ આ મહિને પણ માંગ કરી છે કે સરકાર પ્રોડક્ટિવિટી બોનસમાં વધારો કરે અને આઠમા પગાર પંચની સ્થાપના કરતું ગેઝેટ નોટિફિકેશન બહાર પાડે. ભારતીય રેલવે કર્મચારી ફેડરેશન (IREF) એ જણાવ્યું હતું કે અત્યાર સુધી છઠ્ઠા પગાર પંચના લઘુત્તમ પગાર રૂ. ૭,૦૦૦ના આધારે બોનસ આપવામાં આવી રહ્યું છે. જ્યારે સાતમા પગાર પંચ મુજબ કર્મચારીઓનો લઘુત્તમ પગાર રૂ. ૧૮,૦૦૦ છે. IREFના રાષ્ટ્રીય મહાસચિવ સર્વજીત સિંહે તેને અત્યંત અન્યાયી ગણાવ્યું. ઓલ ઈન્ડિયા રેલવે કર્મચારી ફેડરેશન (AIRF) એ પણ બોનસની ગણતરીમાં માસિક મર્યાદા રૂ. ૭,૦૦૦ દૂર કરવા અને વર્તમાન પગાર માળખા મુજબ તેને વધારવાની માંગણીનો પુનરોચ્ચાર કર્યો છે.

ભારતીય રેલવે કર્મચારી ફેડરેશન એ માંગ કરી છે કે બોનસ વધારો ટૂંક સમયમાં મંજૂર કરવામાં આવે. ઉત્પાદકતા-સંલગ્ન બોનસ જે હાલમાં રૂ.૭,૦૦૦ પ્રતિ માસ પર આધારિત છે, તેને વધારીને ૧૮,૦૦૦ પ્રતિ માસ કરવામાં આવે. અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે કેબિનેટે ભારતના જહાજ નિર્માણ અને દરિયાઈ ક્ષેત્રને પુનર્જીવિત કરવા માટે રૂ. ૬૯,૭૨૫ કરોડના સુધારા પેકેજને મંજૂરી આપી છે, જેમાં જહાજ નિર્માણ, દરિયાઈ ભંડોળ અને સ્થાનિક ક્ષમતાના પ્રમોશન પર કેન્દ્રિત એક વ્યાપક ૪-સ્તંભ અભિગમનો સમાવેશ થાય છે.



ભારતમાં ડેટા સેન્ટર બનાવવાનો પ્લાન પડતો મૂક્યો

## ૫૦૦ બિલિયન ડોલરના સ્ટારગેટ પ્રોજેક્ટને અમેરિકામાં બનાવશે OpenAI

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

થોડા સમય પહેલાં એવી ચર્ચા હતી કે OpenAI ભારતમાં સ્ટારગેટ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યો છે. આ માટે રિલાયન્સ સાથે પણ ચર્ચા વિચારણા ચાલી રહી હોવાની ચર્ચા બહાર આવી હતી કે જામનગરમાં દુનિયાનું સૌથી મોટું ડેટા સેન્ટર બનાવવામાં આવશે. જોકે હવે OpenAI દ્વારા અમેરિકામાં જ સ્ટારગેટ પ્રોજેક્ટ બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. આ માટે પાંચ ડેટા સેન્ટર બનાવવામાં આવશે. એમાં ઓરેકલ અને સોફ્ટબેંક સાથે મળીને પાર્ટનરશિપ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ પૂરો થતાં સ્ટારગેટની કેપેસિટી વધીને 7GW થઈ જશે. એટલામાં ૫૦ લાખ ઘરને વિજળી પૂરી પાડી શકાય છે.

OpenAI આ પાંચ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ડેટા સેન્ટરને અમેરિકામાં બનાવી રહ્યું છે. એમાંથી ત્રણ ઓરેકલ સાથે મળીને અને બે સોફ્ટબેંક સાથે મળીને બનાવવામાં આવી રહ્યાં છે. ઓરેકલના ડેટા સેન્ટર ટેક્સાસની શેકલફોર્ડ કાઉન્ટી, ન્યુ મેક્સિકોની ડોના એના કાઉન્ટી અને ત્રીજું લોકેશન મિડવેસ્ટમાં છે જે હજી સુધી જાહેર કરવામાં નથી આવ્યું. સોફ્ટબેંક સાથેના ડેટા સેન્ટરને ઓહાયોના લોર્ડ્સટાઉન અને ટેક્સાસના મિલામ કાઉન્ટીમાં બનાવવામાં આવશે.

ટેક્સાસ દ્વારા નિયમ બનાવવામાં આવ્યો હતો કે તેઓ હવે વધુ ડેટા સેન્ટરને બનાવવા માટે પરવાનગી નહીં આપે. જોકે અમેરિકાની સરકાર દ્વારા એમાં મદદ કરવામાં આવી હોય એવું બની શકે છે. એ શક્ય છે કે અમેરિકાના દબાવને કારણે આ પ્રોજેક્ટને અમેરિકામાં શિફ્ટ કરવામાં આવ્યો હોય શકે. OpenAI તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ખૂબ જ વધારો કરી રહ્યું છે. આ પ્રોજેક્ટ હેઠળ તેમણે સ્ટારગેટ AI ડેટા સેન્ટર બનાવવાની જાહેરાત કરી છે. નવા AI મોડલને ટ્રેન કરવા માટે કંપની હવે ખૂબ જ મોટું ઈન્વેસ્ટમેન્ટ કરી રહી છે. OpenAI દ્વારા હાલમાં જ જાહેરાત કરવામાં આવી છે કે તેમના ડેટા સેન્ટર માટે જે છેં પ્રોસેસર જોઈએ છે એ માટે તેમને NVIDIA પાસેથી ૧૦૦ બિલિયન અમેરિકન ડોલરનું ઈન્વેસ્ટમેન્ટ મળ્યું છે. એટલે કે એટલા ઈન્વેસ્ટમેન્ટની ચિપ કંપની પ્રોવાઈડ કરશે. એનાથી OpenAIના ડેટા સેન્ટર અને સર્વિસમાં ખૂબ જ નોંધપાત્ર વધારો અને સુધારો જોવા મળશે.દુનિયાનું સૌથી મોટું ડેટા સેન્ટર ગુજરાતના જામનગરમાં બનાવવામાં આવશે એવી ચર્ચા ચાલી હતી. જોકે હવે એને ટેક્સાસમાં બનાવવામાં આવશે. એક વાર આ બની ગયા બાદ એ દુનિયાનું અત્યાર સુધીનું સૌથી મોટું ડેટા સેન્ટર હશે. આ ડેટા સેન્ટરમાં લાખો છેં કોમ્પ્યુટર ચિપ્સનું નેટવર્ક જોવા મળશે. આ માટેની બિલ્ડિંગને ૐ શેપમાં બનાવવામાં આવશે. દરેક સર્વર રેક પર ટોટલ ૭૨ NVIDIA ય્મ્૨૦૦ની ચિપ જોવા મળશે. છેં વર્કલોડને સારી રીતે પહોંચી વળવા માટે આ ચિપને ડિઝાઈન કરવામાં આવી છે.

IRCTC કૌભાંડમાં આરોપ નક્કી કરશે કોર્ટ

## બિહાર ચૂંટણી ટાણે લાલુ, રાબડી અને તેજસ્વીની મુશ્કેલી વધી

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

IRCTC કૌભાંડ મામલે લાલુ યાદવ, રાબડી યાદવ અને તેજસ્વી યાદવ સહિત અનેક આરોપીઓ વિરૂદ્ધ ચાર્જ નિર્ધારિત કરવા સ્પેશિયલ કોર્ટ ૧૩ ઓક્ટોબરના રોજ નિર્ણય લેશે. કોર્ટે આ મામલે તમામ આરોપીને કોર્ટમાં હાજર રહેવા આદેશ આપ્યો છે. આરોપીઓએ આઈઆરસીટીસી (રેલવે મંત્રાલય) સાથે જોડાયેલી હોટલની જાળવણીના કોન્ટ્રાક્ટમાં કૌભાંડ કર્યું હતું. રાઉઝ એવેન્યૂ કોર્ટ આ મામલે ૧૩ ઓક્ટોબરના રોજ તેમના પર કયો ગુનો નોંધવો તેનો નિર્ણય લેશે.

સીબીઆઈએ ચાર્જશીટમાં લાલુ, તેજસ્વી અને રાબડી દેવી સહિત અનેક નામ આરોપી તરીકે રજૂ કર્યા છે. રેલવેમાં આઈઆરસીટીસીની બે હોટલ બીએનઆર હોટલ રાંચી અને પુરીના ટેન્ડરમાં થયેલા ભ્રષ્ટાચાર મામલે રાઉજ એવન્યુ કોર્ટ આરોપ નિર્ધારિત કરશે. કોર્ટ ૧૩ ઓક્ટોબરના રોજ નિર્ણય લેશે કે, ચાર્જશીટમાં દર્શાવવામાં આવેલા આરોપોમાંથી કયાં કયાં આરોપ કેસનો આધાર બનશે અને કયાં-કયાં આરોપ કેસમાંથી દૂર કરવામાં આવશે. ઉલ્લેખનીય છે, લાલુ, રાબડી અને તેજસ્વી યાદવે આ કેસમાં સીબીઆઈ પાસે પર્યાપ્ત પુરાવો ન હોવાની દલીલ કરી હતી.

લાલુ પ્રસાદ યાદવ જ્યારે રેલવે મંત્રી હતાં, ત્યારે તેમણે આઈઆરસીટીસીના બે હોટલની જાળવણીનો કોન્ટ્રાક્ટ એક કંપનીને આપવામાં કથિત કૌભાંડ કર્યું હતું. સીબીઆઈએ આ કેસમાં લાલુ યાદવ, રાબડી દેવી અને તેજસ્વી વિરૂદ્ધ છેતરપિંડી, ગુનાહિત ષડયંત્ર અને ભ્રષ્ટાચારનો આરોપ મૂક્યો હતો. આ મામલે દલીલ થઈ હતી કે, સીબીઆઈની પાસે આ મામલે કેસ ચલાવવા માટે પર્યાપ્ત પુરાવા નથી. સીબીઆઈના સ્પેશિયલ જજે તપાસ એજન્સી અને આરોપીઓના વકીલોને રોજિંદા સુનાવણીના આધારે દલીલ સાંભળ્યા બાદ ચુકાદો અનામત રાખ્યો હતો.

સ્વામી ચૈતન્યાનંદ સામે FIR

## દિલ્હીની શૈક્ષણિક સંસ્થાનમાં ૧૭ છોકરીના યૌન શોષણનો આરોપ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીની એક મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટમાં ૧૭ છોકરીઓ સાથે અભદ્ર વર્તનનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શ્રી શારદા ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયન મેનેજમેન્ટના વિદ્યાર્થીઓએ ચૈતન્યાનંદ સરસ્વતી ઉર્ફે પાર્થ સારથી સામે ગંભીર આરોપો લગાવ્યા છે. દિલ્હી પોલીસે સંસ્થાના સંચાલક પીએ મુરલીની ફરિયાદના આધારે કેસ નોંધ્યો છે. આ સંસ્થા શારદાપીઠ શ્રૃંગેરી સાથે જોડાયેલી છે. વસંત કુંજ ઉત્તર પોલીસ સ્ટેશનમાં પી.એ મુરલી દ્વારા નોંધાવામાં આવેલી ફરિયાદમાં જણાવાયું છે કે સ્વામી ચૈતન્યાનંદ સરસ્વતી ઉર્ફે ડૉ. સ્વામી પાર્થ સારથીએ શ્રી શારદા ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયન મેનેજમેન્ટમાં આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ની વિદ્યાર્થીઓનું જાતીય શોષણ કર્યું હતું. પીડિતાઓ EWS શિષ્યવૃત્તિ હેઠળ PGDM (પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ) કોર્સ કરી રહી છે.

પોલીસે આ ફરિયાદના આધારે ૩૨ વિદ્યાર્થિનીના નિવેદન નોંધ્યા હતા, જેમાંથી ૧૭ વિદ્યાર્થિનીએ આરોપ લગાવ્યો હતો કે ચૈતન્યાનંદ સરસ્વતી તેમની સાથે અભદ્ર ભાષામાં વાત કરતાં હતાં, તેમજ વોટ્સએપ પર અશ્લીલ મેસેજ મોકલતા હતાં. શારીરિક અડપલાં પણ કરતાં હતાં. પીડિતાઓએ એવો પણ દાવો કર્યો હતો કે, આ સંસ્થામાં કેટલીક મહિલા ફેકલ્ટી અને વહીવટી કર્મચારીઓએ આરોપીની માંગણીઓનું પાલન કરવા માટે દબાણ કર્યું હતું. ફરિયાદ બાદ પોલીસે IPC ની કલમ ૭૫(૨), ૭૯ અને ૩૫૧(૨) હેઠળ કેસ નોંધી તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન CCTV ફૂટેજ તપાસવામાં આવ્યા હતાં, ઘટનાસ્થળ અને આરોપીના ઘરે દરોડા પાડ્યા હતા. જો કે, આ આરોપી હાલ ફરાર છે. પોલીસે સંસ્થાના ભોંયરામાં પાર્ક કરેલી એક વોલ્વો કાર જપ્ત કરી હતી. જેનો ઉપયોગ આરોપી કરતો હતો. આ કારમાં નકલી ડિપ્લોમેટિક નંબર પ્લેટ (39 UN 1) હતી.

પોલીસે સંસ્થામાંથી CCTV ફૂટેજ જપ્ત કરીને તેને ફોરેન્સિક તપાસ માટે મોકલી આપ્યા છે. ૧૭ પીડિતોના નિવેદનો ન્યાયિક મેજિસ્ટ્રેટ સમક્ષ નોંધવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીનું છેલ્લું લોકેશન આગ્રા નજીક મળી આવ્યું હતું, અને તેની શોધ ચાલુ છે.

ઘટના બાદ, શ્રી શારદા સંસ્થાન અને શ્રૃંગેરી મઠ વહીવટીતંત્રે આરોપીને તમામ હોદ્દા પરથી દૂર કરી દીધો છે અને તેની સાથેના સંબંધો તોડી નાખ્યા છે. શ્રી શારદા પીઠમે આરોપીની પ્રવૃત્તિને 'ગેરકાયદે, અયોગ્ય અને સંસ્થાના હિતોની વિરુદ્ધ' ગણાવી છે.

તાત્કાલિક સુનાવણીની માગ અંગે ભાવિ CJIનું નિવેદન

## જ્યાં સુધી કોઈને ફાંસી ન થવાની હોય ત્યાં સુધી હું કોઈ તત્કાલ સુનાવણી નહીં કરૂ

### તમે લોકો ન્યાયાધીશોની દુર્દશા સમજી શકતા નથી : શું તમે જાણો છો કે અમે કેટલા કલાક સૂઈએ છીએ?

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ ન્યાયાધીશ અને નવેમ્બરમાં ભારતના આગામી ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા બનનારા જસ્ટિસ સૂર્યકાંતે આજે એક વકીલની અપીલ પર ઝાટકણી કાઢી હતી. તેમણે એક કેસમાં તાત્કાલિક ધોરણે સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો હતો. તેમણે ન્યાયાધીશોની વ્યથા વિશે ચિંતા વ્યકત કરતાં મહત્ત્વની ટિપ્પણી કરી હતી.

એક વકીલે સુપ્રીમ કોર્ટની બેન્ચ સમક્ષ તાત્કાલિક સુનાવણી માટે અરજી કરી હતી, કારણ કે તેમના ક્લાયન્ટના ઘરની તે દિવસે હરાજી હતી. જસ્ટિસ સૂર્યકાંતે આ મામલે જવાબ આપ્યો હતો કે, જ્યાં સુધી કોઈને ફાંસી ન થવાની હોય ત્યાં સુધી હું કોઈ તત્કાલ સુનાવણી નહીં કરૂ. તમે લોકો ન્યાયાધીશોની દુર્દશા સમજી શકતા નથી. શું તમે જાણો છો કે અમે કેટલા કલાક સૂઈએ છીએ? જ્યાં સુધી કોઈની સ્વતંત્રતા જોખમમાં ન હોય, ત્યાં સુધી તે જ દિવસે સુનાવણીની માંગ ન કરો. જસ્ટિસ સૂર્યકાન્તની આગેવાની હેઠળની બેન્ચમાં ન્યાયાધીશ ઉજ્જ્વલ ભુઈયાં અને એન. કોટિશ્વર સિંહ હતાં. સામાન્ય રીતે રોસ્ટરના માસ્ટર તરીકે CJI બી.આર. ગવઈ આવા ઉલ્લેખોની સુનાવણી સાંભળે છે. જો કે, તેઓ હાલમાં પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચમાં વ્યસ્ત હોવાથી બીજા ક્રમના સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ તાત્કાલિક કેસોની સુનાવણી કરે છે. જસ્ટિસ કાંતની ટિપ્પણી ત્યારે આવી જ્યારે વકીલ શોભા ગુપ્તાએ રાજસ્થાનમાં એક ઘરની હરાજી સંબંધિત કેસમાં તાત્કાલિક સુનાવણી કરવાની અપીલ કરી હતી. જેમાં જણાવ્યું હતું કે, ઘરની આજે હરાજી થવાની છે, તેથી આ મામલાની તાત્કાલિક સુનાવણી થવી જોઈએ. ગુપ્તાએ વારંવાર વિનંતી કરતાં જસ્ટિસ કાંત ગુસ્સે થયા હતાં.

તેમણે ઝાટકણી કાઢતાં પૂછ્યું કે, હરાજીની નોટિસ ક્યારે રજૂ કરવામાં આવી હતી. ત્યારે ગુપ્તાએ સમજાવ્યું કે નોટિસ ગયા અઠવાડિયે રજૂ કરવામાં આવી હતી, અને બાકી રકમનો એક ભાગ ચૂકવી દેવામાં આવ્યો છે. જેના પર જસ્ટિસ કાંતે ગુપ્તાને કડક શબ્દોમાં કહ્યું કે આગામી થોડા મહિનાઓ સુધી સુનાવણીની અપેક્ષા ન રાખો. જો કે, બાદમાં તેમણે કોર્ટ માસ્ટરને શુક્રવારે આ કેસ પર સુનાવણી કરવાનો નિર્દેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટમાં દરરોજ નિયમિત સુનાવણી શરૂ થાય તે પહેલાં, વકીલોને તાત્કાલિક બાબતોનો ઉલ્લેખ કરવાનો અને તાત્કાલિક કેસ લિસ્ટિંગ કરવાની અરજીનો અધિકાર છે. ઘણીવાર, આવા કિસ્સાઓમાં વકીલો દલીલ કરે છે કે જો કોર્ટ તાત્કાલિક હસ્તક્ષેપ ન કરે તો તેમના ક્લાયન્ટને ગંભીર નુકસાન થઈ શકે છે. તાજેતરના સમયમાં કોર્ટે વારંવાર આ પ્રથા પ્રત્યે નારાજગી વ્યક્ત કરી છે. CJI બીઆર ગવઈએ ૬ ઓગસ્ટના રોજ આ મામલે સ્પષ્ટતા કરી હતી કે, ૧૧ ઓગસ્ટથી વરિષ્ઠ વકીલો તેમની કોર્ટમાં હાજરી આપી શકશે નહીં. કોર્ટમાં ભીડ અને વારંવાર હાજરીને નિયંત્રિત કરતાં આ જોગવાઈ રજૂ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, નવેમ્બર ૨૦૨૫ માં વર્તમાન ઝત્નૈં ગવઈનો કાર્યકાળ પૂર્ણ થયા પછી જસ્ટિસ સૂર્યકાંત ભારતના ૫૧મા ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા તરીકે પદ સંભાળશે. પરિણામે, તેમની તાજેતરની ટિપ્પણીઓને ન્યાયતંત્રની કામગીરી અને પ્રાથમિકતાઓનું મહત્વપૂર્ણ સૂચક માનવામાં આવી રહ્યું છે.

## NEET UG માં ૯૯.૯૯ પર્સન્ટાઈલ આવ્યા, છતાં વિદ્યાર્થીએ જીવન ટૂંકાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

મહારાષ્ટ્રના ચંદ્રપુર જિલ્લાના સિંદેવાહી તાલુકાના રહેવાસી ૧૯ વર્ષીય અનુરાગ અનિલ બોરકારે NEET UG ૨૦૨૫માં૯૯.૯૯પર્સન્ટાઈલ મેળવીને ઓબીસી કેટેગરીમાં ઓલ ઈન્ડિયા ૧૪૭૫મો રેંક હાંસલ કર્યો હતો. આ સફળતા પછી તે ઉત્તર પ્રદેશના ગોરખપુરમાં એમબીબીએસ કરવાની તૈયારી કરી રહ્યો હતો. જો કે, ગોરખપુર જતા પહેલા તેણે ઘરમાં ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ છે. વિદ્યાર્થીની ઓળખ અનુરાગ અનિલ બોરકર તરીકે થઈ છે. તેને ઉત્તર પ્રદેશના ગોરખપુરની એક કોલેજમાં એડમિશન લેવાનું હતું. જોકે, આ પૂર્વે ઘરેથી નીકળતા પહેલા તેણે આત્મહત્યા કરી લીધી હતી. અનુરાગે આત્મહત્યા પહેલા એક સુસાઈડ નોટ લખી હતી, જેમાં તેણે લખ્યું હતું કે, તે ડૉક્ટર બનવા નહોતો માંગતો. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.



# તંત્રી લેખ......

## પ્રજાના ખર્ચે પૂતળાંને પરવાનગી નહીં

રાજકારણીઓનું ચાલે તો દેશના બધા જ રસ્તાઓને પોતાના પક્ષના નેતાઓનાં નામ આપી દે અને દરેક ચાર રસ્તે પોતાની વિચારધારાથી સંબંધિત વ્યક્તિઓનાં પૂતળાં મૂકી દે, આમાં જરાય અતિશયોક્તિ નથી. હાલમાં જ દેશની સર્વોચ્ચ અદાલતે તામિલનાડુ સરકારની પ્રજાના ખર્ચે રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન એમ. કરુણાનિધિનું પૂતળું મૂકવાની અરજીને નકારી કાઢતાં કહ્યું છે કે, ભૂતપૂર્વ નેતાઓનાં પૂતળાં મૂકવાં માટે સાર્વજનિક નાણાંનો ઉપયોગ શા માટે કરો છો? સુપ્રીમ કોર્ટની હાલની આ ટિપ્પણીને પગલે ભવિષ્યમાં રાજકીય પક્ષો સત્તામાં આવ્યા બાદ સાર્વજનિક નાણાંનો વેડફાટ કરતા પહેલાં વિચારતા થઈ જશે. તામિલનાડુની દ્રવિડ મુનેત્ર કળગમ (ડીએમકે) સરકારે રાજ્યના તિરુનેવેલી જિલ્લાના વેલ્લીયુર ડેઈલી વેજિટેબલ માર્કેટના પ્રવેશદ્વાર પરની કમાન પાસે ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન એમ. કરુણાનિધિનું કાંસાનું વિશાળકાય પૂતળું મૂકવા માટેની પરવાનગી સર્વોચ્ચ અદાલત પાસે માગતી અરજી કરી હતી. આ અરજીની સુનાવણી કરતાં જસ્ટિસ વિક્રમ નાથ અને પ્રશાંતકુમાર મિશ્રાની બે જજની ખંડપીઠે જણાવ્યું હતું કે, આની મંજૂરી નહીં મળે. તમારા ભૂતપૂર્વ નેતાનું મહિમામંડન કરવા માટે તમે જાહેર નાણાંનો ઉપયોગ શા માટે કરી રહ્યા છો? મદ્રાસ હાઈકોર્ટે આ પૂતળાં માટે પરવાનગી નહોતી આપી અને એ ચુકાદાને પડકારતી અરજી રાજ્ય સરકારે સર્વોચ્ચ અદાલતમાં કરી હતી, પણ સર્વોચ્ચ અદાલતે વધુ વિગતોમાં ન ઊતરતાં આ અરજીને જ રદ કરી નાખી હતી. દેશભરમાં અનેક રાજ્ય સરકારો જનતાનાં નાણાંમાંથી પૂતળાં બનાવે છે અને જાહેર રસ્તા પર ઊભાં કરે છે. વર્ષોથી આ પરંપરા આપણા દેશમાં અવિરત ચાલી રહી છે. આ બાબતમાં મુંબઈનું ઉદાહરણ નોંધવા જેવું છે. દક્ષિણ મુંબઈમાં ચર્ચગેટ રેલવે સ્ટેશનથી હુતાત્મા ચોકના સિગ્નલ સુધીમાં પાંચેક મહાનુભાવનાં પૂતળાં જોવા મળે છે. આમાંથી એક પણ પૂતળું સરકારે કે સરકારી ખર્ચે નથી મુકાવાયું. મુંબઈના વિકાસમાં યોગદાન આપનારાઓનાં પૂતળાં સામાન્ય નાગરિકોએ ફંડફાળો ઊઘરાવી મુકાવ્યાં હતાં. શહેરના માર્ગનાં નામ હોય કે મુકાતાં પૂતળાં હોય, એ બાબતમાં નાગરિકોની પસંદગી સૌથી પહેલી હોવી જોઈએ. જો કે, કેટલાક અપવાદ બાદ કરતાં આવું ભાગ્યે જ થાય છે. સર્વોચ્ચ અદાલતે ગત સોમવારે તામિલનાડુ સરકારને પૂછેલો સવાલ અને પૂતળાં માટે નકારી કાઢેલી પરવાનગી એક નવા અધ્યાયનો આરંભ સાબિત થાય એવી આશા રાખીએ. જાહેર સ્થળે પૂતળાં કરતાં સારા રસ્તા અને સુવિધાઓની નાગરિકોને વધુ જરૂર છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોના-ચાંદીના વાયદામાં ઊંચા મથાળે થાક ખાતી તેજી: સોનાનો વાયદો રૂ.૫૮૦ અને ચાંદીનો વાયદો રૂ.૧,૦૧૭ ઘટ્યો

**ક્રૂડ તેલના વાયદામાં રૂ.૬૬નો સુધારો: કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૮૭૬૮.૯ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૬૧૭૩૨.૨ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૫૪૩૬.૪૨ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૬૬૦૦ પોઈન્ટના સ્તરે**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૯૦૫૦૨.૨૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૮૭૬૮.૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૬૧૭૩૨.૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૨૬૬૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૪૯૮.૩૪ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૫૪૩૬.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૩૫૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૩૮૩૮ અને નીચામાં રૂ.૧૧૩૧૬૬ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૩૮૩૬ના આગલા બંધ સામે રૂ.૫૮૦ ઘટી રૂ.૧૧૩૨૫૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૫૦૪ ઘટી રૂ.૯૧૪૦૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૯૬ ઘટી રૂ.૧૧૩૫૨ થયો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૩૦ ઘટી રૂ.૧૧૩૧૮૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૩૫૩૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૪૧૭૧ અને નીચામાં રૂ.૧૧૩૪૫૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૪૦૮૪ના આગલા બંધ સામે રૂ.૫૫૬ ઘટી રૂ.૧૧૩૫૨૮ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૩૪૬૨૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૫૩૫૩ અને નીચામાં રૂ.૧૩૩૮૪૧ના મથાળે અથડાઈ, રૂ.૧૩૫૦૬૨ના આગલા બંધ સામે રૂ.૧૦૧૭ ઘટી રૂ.૧૩૪૦૪૫ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૯૦૩ ઘટી રૂ.૧૩૪૦૮૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૯૦૮ ઘટી રૂ.૧૩૪૦૮૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૧૮૩૪.૨૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી સપ્ટેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૬૮૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૭૧૩ અને નીચામાં રૂ.૩૬૬૯ના મથાળે અથડાઈ, રૂ.૨૨ વધી રૂ.૩૭૦૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો બેરલદીઠ રૂ.૫૬૬૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૭૦૭ અને નીચામાં રૂ.૫૬૨૯ના સ્તરને સ્પર્શી, રૂ.૫૬૩૨ના આગલા બંધ સામે રૂ.૬૬ વધી રૂ.૫૬૯૮ થયો હતો. ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૬૭ વધી રૂ.૫૭૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૨.૬ ઘટી રૂ.૨૫૧ થયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૨.૭ ઘટી રૂ.૨૫૦.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૭૬.૫ના ભાવે ખૂલી, રૂ.૫.૯ ઘટી રૂ.૯૭૦.૨ના સ્તરે પહોંચ્યો હતો. એલચી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૫૩૪ના ભાવે ખૂલી, રૂ.૩૮ ઘટી રૂ.૨૬૦૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૬૦૪૦.૭૦ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૯૩૯૫.૭૩ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ.૭૮૭.૫૭ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૩૪.૯૧ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૧૧.૮૫ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૩૧૭.૬૧ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૭.૩૪ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૪૩૬.૭૭ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૩૮૦.૧૭ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૯.૫૦ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૧.૨૮ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૯૩૯૬ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૨૩૩૫ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૮૭૭૪ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૨૭૪૦૭ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૧૦૮૩ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૯૯૬૮ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૮૪૪૭ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૭૨૬૭ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૨૦૪૩ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૨૫૩૧ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૫૭૮૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૨૬૭૮૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૬૭૮૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૬૬૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૩૬ પોઈન્ટ ઘટી ૨૬૬૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૮.૮ વધી રૂ.૧૮૦.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૭૦ પૈસા ઘટી રૂ.૧૬.૦૫ થયો હતો.

સોનું ઓક્ટોબર રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૨.૫ ઘટી રૂ.૨૧૫૧.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૪૨.૫ ઘટી રૂ.૫૨ના ભાવે બોલાયો હતો. તાંબું ઓક્ટોબર રૂ.૯૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૫૧ ઘટી રૂ.૯.૪૧ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૬.૪૫ વધી રૂ.૧૭૯.૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૦ પૈસા ઘટી રૂ.૧૬.૧૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ઓક્ટોબર રૂ.૧૧૪૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૪ ઘટી રૂ.૨૩૧૦ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની સપ્ટેમ્બર રૂ.૧૩૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૩૮.૫ ઘટી રૂ.૬૯૮ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૫.૨ ઘટી રૂ.૧૩૩.૪ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૮૦ પૈસા વધી રૂ.૭.૨૫ના ભાવે બોલાયો હતો.

સોનું ઓક્ટોબર રૂ.૧૦૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૨ વધી રૂ.૩૧૦ થયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૩૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૯.૫ વધી રૂ.૫૩૫.૫ થયો હતો. તાંબું ઓક્ટોબર રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧૨ પૈસા વધી રૂ.૬.૧૮ના ભાવે બોલાયો હતો. જસત ઓક્ટોબર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૫૨ પૈસા વધી રૂ.૩.૫૮ થયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૧.૩ ઘટી રૂ.૧૩૭.૨ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૭૫ પૈસા વધી રૂ.૭.૨૫ થયો હતો. સોનું-મિની ઓક્ટોબર રૂ.૧૧૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૫.૫ વધી રૂ.૧૮૬૨ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની સપ્ટેમ્બર રૂ.૧૩૪૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૨૧ વધી રૂ.૯૯૦ થયો હતો.

બોલિવૂડમાં ન ગાવા અંગે ગરબા ક્વિનનો ખુલાસો

## મને કોઈની પણ જી હજૂરી કરતા નથી આવડતું

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

નવરાત્રિ અને ગરબાનો ઉલ્લેખ થતા જ લોકોના મનમાં ગરબા ક્વિન ફાલ્ગુની પાઠકનું નામ આવી જ જાય છે. ગરબા નાઈટ સિંગરના ગીતો વિના અધૂરી રહી જાય છે. ક્વિન ઓફ ઈન્ડિયાના નામથી જાણીતી ફાલ્ગુની પાઠકે યાદ પિયા કી આને લગી અને મેને પાયલ હે છનકાઈ જેવા સુપરહિટ ગીતો આપ્યા છે. તેણે ઘણાં સુપરહિટ ગીતો આપ્યા છતાં તેણે ક્યારેય બોલિવૂડ માટે નથી ગાયું. હવે તેણે એક ઈન્ટરવ્યૂમાં આ અંગે ખુલાસો કરીને તેની પાછળનું કારણ જણાવ્યું છે. ફાલ્ગુની પાઠકે કહ્યું કે, મેં એ તરફ વધુ ધ્યાન નથી આપ્યું. પહેલા તો મને લાગતું હતું કે, કદાચ મારો અવાજ બોલિવૂડ માટે નથી બન્યો. મારો અવાજ ખૂબ જ સોફ્ટ છે. તેમાં વેરિયેશન નથી. બોલિવૂડમાં ગાવા માટે તમારે તેના પર કામ કરવું પડે છે. બીજી વાતો એ છે કે, પહેલા એવું થતું હતું કે સ્ટુડિયોમાં જઈને મ્યુઝિક ડાયરેક્ટર સાથે મુલાકાત કરો. રાહ જુઓ. ત્યાં બેસો. આ મારા નેચરમાં નથી. મારું જે કામ ચાલી રહ્યું છે તે બરાબર છે. મને કોઈની જી હજૂરી કરતા નથી આવડતું. પહેલા એવું થતું હતું. જો કે, હવે તો નથી થતું. હું જે કરી રહી છું તેમાં ખુશ છું.

## પશ્ચિમ રેલ્વે દ્વારા ગાંધીધામ-સિયાલદહ સ્પેશલ ટ્રેનના ફેરા વિસ્તારિત

પશ્ચિમ રેલ્વે દવારા તહેવારોની મોસમ દરમિયાન મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ગાંધીધામ-સિયાલદહ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા લંબાવવામાં આવ્યા છે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે:

ટ્રેન નં. ૦૯૪૩૭ ગાંધીધામ-સિયાલદહ સ્પેશિયલ, જે ૮ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને ૧૨ નવેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૪૩૮ સિયાલદહ-ગાંધીધામ સ્પેશિયલ, જે ૧૧ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને ૧૫ નવેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

ટ્રેન નં. ૦૯૪૩૭ ના વિસ્તૃત દોડ માટે બુકિંગ ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર ખુલશે. ટ્રેનના સ્ટોપેજ, રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www. enquiry. indianrail. gov.in ની મુલાકાત લઈ શકે છે.

## બ્લોકના કારણે ૨૫ સપ્ટેમ્બરની પોરબંદર-મુઝફ્ફરપુર એક્સપ્રેસ ટ્રેન પરિવર્તિત માર્ગે ચાલશે

પૂર્વોત્તર રેલવેના ગોરખપુર ક્ષેત્રમાં રેલ સંપર્કને વધુ સુદૃઢ બનાવવા, ગોરખપુર-ડોમિનગઢ વચ્ચે ૪ કિમી નવી ત્રીજી લાઈન અને ગોરખપુર-નખહા જંગલ વચ્ચે ૫ કિમીના ડબલિંગ કામ માટે બ્લોક લેવામાં આવશે. આ બ્લોકના કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ની ટ્રેન નંબર ૧૯૨૬૯ પોરબંદર-મુઝફ્ફરપુર એક્સપ્રેસ પરિવર્તિત માર્ગે ચાલશે. વિગતવાર માહિતી નીચે મુજબ છે:

૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ પોરબંદરથી ઉપડતી ટ્રેન નંબર ૧૯૨૬૯ પોરબંદર-મુઝફ્ફરપુર એક્સપ્રેસ તેના નિર્ધારિત માર્ગ બારાબંકી-ગોંડા-ગોરખપુર-પનિયહવા-નરકટિયાગંજ-મુઝફ્ફરપુરના બદલે પરિવર્તિત માર્ગ વાયા લખનૌ-સુલતાનપુર-વારાણસી-ઓંડિહાર-છપરા-મુઝફ્ફરપુર થઈને જશે.

આ માર્ગ પરિવર્તનના કારણે આ ટ્રેન ગોંડા, ગોરખપુર, સિસવા બજાર, બગહા, નરકટિયાગંજ, બેતિયા, સાંગલી, બાપુધામ મોતિહારી અને ચકિયા સ્ટેશનો પરનું સ્ટોપેજ રદ કરવામાં આવ્યું છે.

યાત્રીઓને વિનંતી છે કે કૃપા કરીને ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને મુસાફરી કરે. ઉપરોક્ત ટ્રેનના સમય, સ્ટોપેજ અને માળખા વિશેની વિગતવાર માહિતી માટે, યાત્રીઓ કૃપા કરીને વેબસાઈટ www. enquiry.indianrail. gov.in ની મુલાકાત લઈ શકે છે.

બાયોસ્કેન રિસર્ચ બનાવે છે બ્રેઈન ઈન્જરીની તાત્કાલિક તપાસ માટે નોન-ઈન્વેસિવ, પોર્ટેબલ ઓનસાઈટ ડિટેક્શન મેડિકલ ટૂલ્સ

# ઉદ્યોગ ક્ષેત્રે નારીશક્તિ: મહિલા ઉદ્યોગસાહસિક શિલ્પા મલિક સફળતાપૂર્વક કરી રહ્યા છે ટેક ઈનોવેશન આધારિત સ્ટાર્ટઅપ ‘બાયોસ્કેન રિસર્ચ’નું નેતૃત્વ


**સ્ટાર્ટઅપે અત્યારસુધીમાં ૭૦ યુનિટ્સનું વેચાણ કર્યું છે, સૌથી વધુ વેચાણ રાજ્ય સરકારના પ્રાઈમરી અને કોમ્યુનિટી હેલ્થ સેન્ટરો તેમજ ટ્રોમા સેન્ટરોમાં**

સમગ્ર ગુજરાત અત્યારે વિશ્વના સૌથી લાંબા નૃત્ય પર્વ નવરાત્રિની ઉજવણી કરી રહ્યું છે. નવરાત્રિનું પર્વ એ નારીશક્તિની ઉજવણીનું પર્વ છે, મહિલાઓની સક્ષમતાને ઉજાગર કરતું પર્વ છે. મહિલાઓ આજે તમામ ક્ષેત્રે પ્રગતિ કરી રહી છે, પછી તે શિક્ષણ ક્ષેત્ર હોય, રમત-ગમત ક્ષેત્ર હોય કે ઉદ્યોગ જગત. સમગ્ર વિશ્વમાં આજે મહિલા ઉદ્યોગસાહસિકોની સંખ્યા સતત વધી રહી છે, અને મહિલાઓના નેતૃત્વમાં સફળ ઔદ્યોગિક એકમો અને સ્ટાર્ટઅપ્સના અનેક ઉદાહરણો છે, ત્યારે ગુજરાત પણ તેમાંથી બાકાત નથી. આજે ગુજરાતના એવા જ એક મહિલા ઉદ્યોગસાહસિક શિલ્પા મલિક અને તેમના સ્ટાર્ટઅપ ‘બાયોસ્કેન રિસર્ચ’ વિશે વાત કરવી છે. તેમના નેતૃત્વમાં બાયોસ્કેન રિસર્ચ આજે ગુજરાતના એક સફળ સ્ટાર્ટઅપ તરીકે કાર્યરત છે, જે જીવલેણ રોગોના પ્રારંભિક નિદાન માટેના તબીબી ઉપકરણો બનાવીને અનેક લોકોની જિંદગી બચાવી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ મહિલાઓના આર્થિક સશક્તિકરણને હંમેશાં પ્રાધાન્ય આપ્યું છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન રાજ્યની મહિલા ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપવા માટે તેમણે, મિશન મંગલમ યોજના, વીમેન સ્પેશિયલ ઈકોનોમિક ઝોન, વિશેષ મહિલા ઔદ્યોગિક પાર્ક (વુમન એન્ટરપ્રેન્યોરશિપ પાર્ક), મહિલા આર્થિક વિકાસ નિગમ વગેરેની સ્થાપના કરી. આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ મહિલા કેન્દ્રિત તેમની આ યોજનાઓ અને પહેલોને આગળ ધપાવીને વીમેન લેડ ડેવલપમેન્ટના તેમના વિઝનને ચરિતાર્થ કરી રહ્યા છે.

★બાયોસ્કેન રિસર્ચ બનાવે છે જીવલેણ રોગોના પ્રારંભિક નિદાન માટેના તબીબી ઉપકરણો

બાયોસ્કેન રિસર્ચ પ્રાઈવેટ લિમિટેડની સ્થાપના સપ્ટેમ્બર ૨૦૧૭માં સહ-સ્થાપકો (કો-ફાઉન્ડર્સ) શિલ્પા મલિક અને અનુપણ લવાણિયા દ્વારા અમદાવાદ ખાતે કરવામાં આવી હતી. શિલ્પા મલિક બાયોસ્કેન રિસર્ચના કો-ફાઉન્ડર અને ચીફ ટેક્નોલોજી ઓફિસર છે. તેઓ હાર્ડવેર ઈનોવેશનમાં એક દાયકાનો અનુભવ ધરાવતા એક સફળ ટેક્નોપ્રેન્યોર છે. તેમણે ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટમાં વૈજ્ઞાનિક તરીકે સેવા આપી છે, તેમજ મિલિટરી સેન્સર સિસ્ટમ્સ ડિઝાઈન અને મેનેજમેન્ટ પર કામ કર્યું છે.




શિલ્પા મલિકના નેતૃત્વમાં બાયોસ્કેન રિસર્ચ ટ્રોમેટિક બ્રેઈન ઈન્જરી જેવી જીવલેણ બીમારીનું બિન-આક્રમક રીતે (non-invasively) પ્રારંભિક નિદાન કરવા માટે તબીબી ઉપકરણો વિકસિત કરે છે, તેમનું પરીક્ષણ કરે છે, ત્યારબાદ તેમનું ઉત્પાદન કરે છે અને પોસાય તેવા દરોએ આ તબીબી ઉપકરણોનું વેચાણ કરે છે, અને આ સમગ્ર પ્રક્રિયા માટે તેઓ ઓપ્ટિક્સ, ઈલેક્ટ્રોનિક્સ, મિકેનિક્સ અને સોફ્ટવેરમાં ડીપ ટેક્નો ઉપયોગ કરે છે. બાયોસ્કેન રિસર્ચે ઈન્ટ્રાક્રેનિયલ રક્તસ્રાવ, સરળ શબ્દોમાં કહીએ તો બ્રેઈન ઈન્જરીની અગાઉથી તપાસ માટે નોન-ઈન્વેસિવ, પોર્ટેબલ ઓનસાઈટ ડિટેક્શન ટૂલ્સ વિકસિત કર્યા છે, જેથી સમયસર નિદાન કરીને લોકોના જીવન બચાવી શકાય.

ઉલ્લેખનીય છે કે, બાયોસ્કેન રિસર્ચે ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ઓંત્રપ્રિન્યોરશિપ એન્ડ ટેક્નોલોજી (i-Create), કે જે ટેક ઈનોવેશન પર આધારિત સ્ટાર્ટઅપ્સને નાણાકીય સહાય આપતી ગુજરાત સરકારની એક સ્વાયત્ત સંસ્થા છે, તેની પાસેથી નાણાકીય સહાય મેળવી છે. આ ઉપરાંત, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (IIT), કાનપુર, બાયોટેક્નોલોજી ઈન્ડસ્ટ્રી રિસર્ચ આસિસ્ટન્સ કાઉન્સિલ (BIRAC), ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થ રિસર્ચ (DHR) અને ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ (ICMR) પણ તેમને નાણાકીય સહયોગ પ્રાપ્ત થયો છે.

★ક્લિનિકલ રિસર્ચ દરમિયાન ૧૫૦૦ દર્દીઓ પર પરીક્ષણ, ૧૧ હજારથી વધુ બ્રેઈન સ્કેન

બાયોસ્કેન રિસર્ટ પ્રા.લિ. ની જર્ની વિશે વાત કરતા તેના કો-ફાઉન્ડર શિલ્પા મલિક જણાવે છે કે, “અમારા પરિવારના સદસ્યને બ્રેઈન ઈન્જરી થઈ હતી, અને તેની સારવાર દરમિયાન અમને જાણવા મળ્યું કે સમસ્યા બ્રેઈન ઈન્જરીની નથી, પણ અર્લી ડિટેક્શન એટલે કે વહેલા નિદાનની છે. અનેક દર્દીઓ વહેલા નિદાન ન થઈ શકવાના કારણે વધુ પીડા સહન કરે છે. અમારું બેકગ્રાઉન્ડ તો ટેક્નિકલ હતું જ, એટલે અમે અર્લી ડિટેક્શન માટે મેડિકલ ડિવાઈસ વિકસિત કરવા સ્ટાર્ટઅપ શરૂ કરવાનું નક્કી કર્યું. આ માટે અમને ગુજરાત સરકાર હેઠળની i-Create સંસ્થા, કે જે ટેક આધારિત સ્ટાર્ટઅપ્સને આર્થિક ભંડોળ પૂરું પાડે છે, તેમનો સંપૂર્ણ સહયોગ મળ્યો. અમે ૪-૫ વર્ષ રિસર્ચમાં લગાવ્યા અને સપ્ટેમ્બર ૨૦૧૭માં બાયોસ્કેન રિસર્ચની સ્થાપના કરી.”

બ્રેઈન ઈન્જરી માટેનું મેડિકલ ડિવાઈસ બનાવ્યા પછી, તેની પેટન્ટને ફાઈલ કરવા માટે પણ તેમને ગુજરાત સરકારનો સહયોગ મળ્યો. તેમણે ૩ વર્ષ ક્લિનિકલ રિસર્ચ માટે લગાવ્યા, જે દરમિયાન દર્દીઓ પર તેમણે બનાવેલા મેડિકલ ડિવાઈસનું પરીક્ષણ કરવામાં આવ્યું. ગુજરાતમાં પરીક્ષણો બાદ સમગ્ર ભારતની વિવિધ હોસ્પિટલોમાં તેમના બ્રેઈન સર્જરીના અર્લી ડિટેક્શન માટેના આ તબીબી ઉપકરણના પરીક્ષણો કરવામાં આવ્યા, જેમાં NIMHANS, બેંગ્લોર અને AIIMS, ભોપાલ જેવી દેશની અગ્રણી હોસ્પિટલોના ન્યુરોસર્જન પણ સામેલ થયા. ૨ વર્ષની ક્લિનિકલ રિસર્ચ દરમિયાન ૧૫૦૦ દર્દીઓ પર પરીક્ષણો કરવામાં આવ્યા છે, અને ૧૧,૦૦૦ બ્રેઈન સ્કેન કરવામાં આવ્યા. સફળ પરીક્ષણો બાદ તેઓએ વેચાણ માટે આ ડિવાઈસ લોન્ચ કર્યા.

★ઓલ ઓવર ઈન્ડિયામાં ૭૦ યુનિટ્સનું વેચાણ, સૌથી વધુ સરકારી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, કોમ્યુનિટી હેલ્થ સેન્ટરોમાં શિલ્પાજીએ જણાવ્યું કે અત્યારસુધીમાં ઓલ ઓવર ઈન્ડિયા તેઓ તેમની પ્રોડક્ટના અંદાજિત ૭૦ યુનિટ્સનું વેચાણ કરી ચૂક્યા છે. તેમણે વિકસિત કરેલ મેડિકલ ડિવાઈસની પર્ફોર્મન્સ એક્યુરસી ૯૫% અને સેન્સિટિવિટી ૯૭% છે. તેઓ જણાવે છે કે, આ મેડિકલ ડિવાઈસ માટે સરકારી વિભાગ પાસેથી અમને ખૂબ જ સારો રિસ્પોન્સ મળ્યો છે અને અમે સૌથી વધુ ડિવાઈસનું વેચાણ પણ સરકારમાં જ એટલે કે પ્રાઈમરી હેલ્થ સેન્ટરો અને કોમ્યુનિટી હેલ્થ સેન્ટરોમાં તેમજ ટ્રોમા સેન્ટરોમાં કરીએ છીએ. તેમના મેડિકલ ડિવાઈસની હાઈ એક્યુરસીને જોતાં, ડોક્ટરો પણ તેના પર ખૂબ વિશ્વાસ મૂકે છે.

★બાયોસ્કેન રિસર્ચને મળ્યા છે ૫૦ થી વધુ એવોર્ડ્સ

શિલ્પા મલિકના સફળ નેતૃત્વ હેઠળ બાયોસ્કેન રિસર્ચને ૫૦થી પણ વધુ પ્રતિષ્ઠિત એવોર્ડ્સ/માન્યતાઓ મળ્યા છે, જેમાં કેટલાક મહત્વના એવોર્ડ્સ નીચે મુજબ છે:

- ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ (ICMR) દ્વારા બેસ્ટ એક્સ્ટ્રામ્યુરલ રિસર્ચ એવોર્ડ (૨૦૨૪)
- ઈન્ડિયા ઇઝરાયલ ઈનોવેશન ચેલેન્જના વિજેતા તરીકે સન્માનિત
- અમેરિકન સોસાયટી ઑફ મિકેનિકલ એન્જિનિયર્સ (ASME) દ્વારા બેસ્ટ હેલ્થકેર ઈનોવેશન ઑફ ઈન્ડિયા એવોર્ડ
- તાજેતરમાં, GITEX થાઈલેન્ડ દ્વારા સુપરનોવા વિજેતા (બેસ્ટ ડિજિ હેલ્થ એન્ડ બાયોટેક ઈનોવેશન ઑફ એશિયા)
- યુનિટસ સીડ ફંડ સ્ટારહેલ્થ ૨૦૧૭ હેઠળ બેસ્ટ હેલ્થકેર સ્ટાર્ટઅપ ઑફ ઈન્ડિયા
- AICTE કેનેડા ઈન્ડિયા એક્સીલરેશન પ્રોગ્રામ દ્વારા ભારતના ટોચના ૧૦ વીમેન લેડ ટેક સ્ટાર્ટઅપ્સમાં સ્થાન
- TIE-BIRAC WiNER દ્વારા ભારતના ટોચના ૧૫ વીમેન લેડ બાયોટેક સ્ટાર્ટઅપમાં સ્થાન
- ઈન્ફોસિસ સ્ટાર્ટઅપ-પ્રેન્યોરના વિજેતા


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ (મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# ગોપાલ ઈટાલીયાની સામે ટકકર આપી શકે તેવા જયેશ રાદડીયાને ભાજપ પ્રમુખનો તાજ પહેરાવવામાં આવે તેવી શકયતા

## ભાજપને સરકારમાં નહી પરંતુ સંગઠનમાં મજબુત નેતાની આવશ્કયતા : કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવીયાને ગુજરાતનો હવાલો સોંપી દેવામાં આવે તેવી ચર્ચાએ જોર પકડયું

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

રાજયમાં ભાજપ સરકાર પાસે ઐતિહાસિક બહુમતી છે પરંતુ સંગઠનની હાલત થોડી કથળેલી છે. પ્રદેશ ભાજપના નવા અધ્યક્ષનુ કોકડુ છેલ્લા સવા વરસથી ગુંચવાયેલુ છે, જ્ઞાતિ અને જાતિના સમીકરણો અને ઝોનનુ સંતુલન જાળવી રાખવા માટે તેમજ હાલમાં આમ આદમી પાર્ટીના નેતા અને વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાને ટકકર આપી શકે તેવા યુવા ધારાસભ્ય અને કદાવર ખેડુત નેતા જયેશ રાદડીયાને પ્રદેશ પ્રમુખનો તાજ પહેરાવવામાં આવે તેવી આંધીએ જોર પકડયુ છે.

અમિત શાહનું રાજકોટ જિલ્લા બેંકની વાર્ષિક સાધારણ સભામાં ખાસ ઉપસ્થિત રહેવુ અને જયેશ રાદડીયાના વારંવાર વખાણ કરવા સૌરાષ્ટ્રને કોઈ મોટી સરપ્રાઈઝ આપવાની પક્ષની ગણતરી હોવાનુ મનાય છે. ગઈ કાલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સવારી પણ દિલ્લી પહોચી હતી. આગામી એકાદ અઠવાડીયામાં ભાજપ હાઈકમાન્ડ દ્વારા ગુજરાત માટે કોઈ મોટો નિર્ણય લઈ શકે તેવી વાતોએ વેગ પકડયો છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીના આડે હવે પાંચેક મહિનાનો સમય બાકી રહ્યો છે. રાજયમાં ભાજપ પાસે ૧૬૨ ધારાસભ્યોની રાક્ષસી બહુમતી છે,



આવામાં સરકારમાં કોને લેવા અને કોને પડતા મુકવા તે પક્ષ માટે મોટી ચિંતાનો વિષય નથી. પરંતુ હાલ રાજયભરમાં વેરવિખેર થઈ ગયેલા સંગઠનને ફરી મજબુત માળામાં લાવવા માટે હાઈકમાન્ડ મથી રહ્યુ છે. સામાન્ય રીતે જયારે મુખ્યમંત્રી પટેલ હોય ત્યારે પ્રદેશ પ્રમુખ ઈતર જ્ઞાતિમાંથી પસંદ કરવામાં આવતા હોય છે. પરંતુ આ વખતે પક્ષનુ ગણિત કંઈક અલગ જ છે. જયેશ રાદડીયા જેવા મજબુત અને યુવા નેતાને જો પ્રદેશ પ્રમુખ બનાવવામાં આવે તો જ્ઞાતિ અને જાતિના સમીકરણો અને ઝોનના સમીકરણો પણ બંધ બેસી રહ્યા છે. ભલે મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખ પાટીદાર સમાજના આવે તેનાથી ભાજપને કોઈ ફર્ક પડતો નથી. પરંતુ વિખેરાઈ ગયેલા સંગઠન માળખાને ફરી મજબુત બનાવવા પર પક્ષ ભાર મુકવા ઈચ્છી રહ્યુ છે.

આમ આદમી પાર્ટી આગામી ચુંટણીમાં સૌરાષ્ટ્રમાં ભાજપને સૌથી વધુ નુકશાન પહોંચાડવાના ઈરાદા સાથે વ્યુહ રચના ઘડી રહ્યુ છે, આવામાં ભાજપ પણ સૌરાષ્ટ્રમાં પક્ષને વધુ મજબુત બનાવવાના એકમાત્ર ઈરાદા સાથે આગળ ધપી રહ્યુ છે. રાજકોટ જિલ્લા બેંકની સાધારણ સભામાં હાજરી આપવા પાછળ ભાજપના ચાણકય ગણાતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની વ્યુહ રચના કંઈક અલગ જ હોવાનુ મનાઈ રહ્યુ છે. જે રીતે સ્ટેજ પર અમિતભાઈએ વારંવાર જયેશ રાદડીયાના વખાણ કર્યા તે જોતા એવુ લાગી રહ્યુ છે. પક્ષે જયેશ રાદડીયાને મોટી જવાબદારી સોંપવાનુ મન બનાવી લીધુ છે. સરકારમાં હાલ એવી કોઈ જરૂરીયાત નથી કે જેમાં જયેશ રાદડીયાને લેવા જ પડે. પરંતુ સંગઠનને ફરી વેગવંતુ બનાવવા માટે જયેશ રાદડીયા જેવા યુવા, ઉત્સાહી, સતત દોડતા અને ધારી મેદની એકત્રિત કરવામાં પાવરધા નેતાની પક્ષને તાતી જરૂરીયાત છે. વિજય રૂપાણીના નિધન બાદ સૌરાષ્ટ્રમાં ભાજપની નેતાગીરી જાણે રાંક બની ગઈ હોય તેવુ લાગી રહ્યુ છે. આવામાં જયેશ રાદડીયાને પ્રદેશ પ્રમુખની વરમાળા પહેરાવી ભાજપ હાઈકમાન્ડ જ્ઞાતિ અને જાતિના સમીકરણો અને ઝોનનુ સંતુલન કરી એક સમાન કરવા ઈચ્છી રહ્યુ છે. જયેશ રાદડીયા ડેમેજ કંટ્રોલ કરવામાં પણ માહિર છે. સહકારી ક્ષેત્રમાં તેઓનો જોરદાર દબદબો જોવા મળી રહ્યો છે.

જુથવાદને પણ આસાનીથી ડામી શકે છે, તેઓ જરૂર પડે પક્ષના નેતાઓને બેસાડી શાંતિથી સમજાવી શકે છે અને જો નેતા બહુ ગરમીમાં ઉંચા નીચા થતા હોય તો ડોળા કાઢી શાનમાં સમજાવી પણ શકે છે, અમિત શાહે જે રીતે રાજકોટની મુલાકાત દરમિયાન જયેશ રાદડીયાના સતત વખાણ કર્યા અને પોતાની સાથે રાખ્યા તે વાત ખુબ જ મોટા એકમો આપી રહ્યા છે.

# સરકારી બાબુઓએ હવે પદાધિકારીઓના ફોન ઉપાડવા પડશે : સામાન્ય વહિવટી વિભાગે કર્યો પરીપત્ર

પ્રતિનિધિ,ગાંધીનગર

સરકારી બાબુઓ ચુંટાયેલા લોકપ્રતિનિધિઓના ફોન નહી ઉપાડતા અને જવાબ પણ સરખા નહી આપતા હોવાની અનેક વખત સરકારમાં ફરીયાદ કરવામાં આવી હતી. જે બાદ મુખ્યમંત્રી દ્વારા બેઠક બોલાવી સાંસદ, ધારાસભ્યોના ફોન ઉપાડવા અને જવાબ આપવા મૌખિક સુચના આપી હતી.



પરંતુ મુખ્યમંત્રીની આ સુચનાને અધિકારીઓ ઘોળીને પી ગયા હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે અને ફરીથી એ જ ફરીયાદ સરપંચ થી લગાડી સંસદમાં ઉઠી છે. ત્યારે મૌખિકના બદલે સરકારે ફરજીયાત પરીપત્ર કરવાની નોબત આવી છે અને ચુંટાયેલા જનપ્રતિનિધિઓના ફોન મીસકોલ ના ફરજીયાત જવાબ આપવા પરીપત્ર દ્વારા લેખિત આદેશ કરવામાં આવ્યો છે. રાજય સરકારના મહેસુલ વિભાગે એક મહત્વનો પરીપત્ર બહાર પાડીને પોતાના અધિકારીઓ અને કર્મચારીઓ માટે નવા નિયમો લાગુ કર્યા છે. આ નવા નિયમો મુજબ મહેસુલ વિભાગના વર્ગ-૧ અને વર્ગ ૨ ના અધિકારીઓએ હવે રાજકીય નેતાઓ અને પદાધિકારીઓના ફોન ફરજીયાત પણે ઉપાડવા પડશે. આ પરીપત્રનો મુખ્ય ઉદ્દેશ મહેસુલ વિભાગના અધિકારીઓ અને જાહેર જનતા, પદાધિકારીઓ તેમજ અન્ય વિભાગના અધિકારીઓ વચ્ચેના સંવાદને વધુ સરળ અને અસરકારક બનાવવાનો છે.

આ પરીપત્રનો મુખ્યહેતુ શાસન અને વહિવટમાં પારદર્શિતા અને જવાબદારી વધારવાનો છે. ઘણીવાર એવુ જોવા મળે છે કે સરકારી અધિકારીઓ રાજકીય નેતાઓ, ધારાસભ્યો, સાંસદો કે અન્ય પદાધિકારીઓના ફોન ઉપાડવાનુ ટાળે છે. જેના કારણે જનતાના કામો અટકી પડે છે અને સંકલનનો અભાવ રહે છે. આ સમસ્યાને દુર કરવા માટે સરકારે આ કડક પગલા લીધા છે. નવા નિયમો મુજબ મહેસુલ વિભાગના વર્ગ ૧ અને વર્ગ ૨ ના તમામ ક્ષેત્રીય અધિકારીઓએ રાજકીય નેતા, પદાધિકારી કે ધારાસભ્યનો ફોન આવે તો તે ઉપાડવો ફરજીયાત છે. જો કોઈ અનિવાર્ય સંજોગોમાં અધિકારી ફોન ઉપાડી ન શકે તો તેણે શકય તેટલી વહેલી તકે તે નંબર પર કોલ બેક કરવો પડશે. પરીપત્રમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યુ છે કે જો કોઈ અધિકારી વ્યસ્તતાને કારણે જેમ કે મીટીંગમાં હોવાથી ફોન ઉપાડી ન શકે તો તેમણે શકય તેટલી વહેલીતકે કોલ બેક કરવો પડશે. આ કોલ બેક પદાધિકારીઓ, ઉચ્ચ અધિકારીઓ કે અન્ય કોઈપણ અધિકારીને યોગ્ય જવાબ આપવા માટે કરવાનો રહેશે.

આ નિયમથી ફોન કોલ્સનો જવાબ ન મળવાની ફરીયાદનુ નિવારણ લાવી શકાશે અને કામગીરીમાં પારદર્શિતા વધશે. અધિકારીઓએ ફોન પર વાતચીત કરતી વખતે સામાન્ય વહિવટ વિભાગ દ્વારા નિર્ધારીત કરાયેલા નિયમોનુ પાલન કરવુ પડશે. વાતચીત સભ્યતાપૂર્વક અને વિનમ્રતાથી થવી જોઈએ. આ પરીપત્રમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે મહેસુલ વિભાગના અધિકારીઓએ ફોન પર વાતચીત કરતી વખતે સામાન્ય વહિવટ વિભાગ દ્વારા સમયાંતરે બહાર પાડવામાં આવતી સુચનાઓનુ ચુસ્તપણે પાલન કરવુ પડશે. આ સુચનાઓ સૌજન્યપુર્ણ અને કાર્યક્ષમ સંવાદ સુનિશ્ચિત કરવા માટે છે જેથી નાગરીકો અને અન્ય વિભાગો સાથેના સંબંધો સુધારી શકાય.

આ પરીપત્ર અનુસાર મહેસુલ વિભાગના વર્ગ ૧ અને વર્ગ ૨ ના ક્ષેત્રીય અધિકારીઓએ તેમને ફાળવવામાં આવેલ સરકારી ફોન નંબર પર આવતા ફોન કોલ્સનો જવાબ આપવો ફરજીયાત છે. જો કોઈ અધિકારી પાસે સરકારી ફોન નંબર ન હોય તો તેમને તેમના અંગત નંબર પર આવતા ફોન કોલ્સનો પણ જવાબ આપવો પડશે. આ નિયમ ખાસ કરીને નાગરીકો, પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓ સાથેના સંવાદને સુધારવા માટે લાગુ કરવામાં આવ્યો છે.

# ૨૫ સપ્ટેમ્બરએ પોરબંદર–શાલિમાર સુપરફાસ્ટ અમદાવાદથી ચાલશે

પશ્ચિમ રેલવે, ભાવનગર મંડળ દ્વારા મુસાફરોની માહિતી માટે સૂચિત કરવામાં આવે છે કે ભાવનગર મંડળના પોરબંદર સ્ટેશનથી ચાલતી ટ્રેન નં. ૧૨૯૦૫ પોરબંદર–શાલિમાર સુપરફાસ્ટ એક્સપ્રેસ તા. ૨૫.૦૯.૨૦૨૫ (ગુરૂવાર)ના રોજ પોરબંદરને બદલે અમદાવાદ જંકશન સ્ટેશનથી ઉપડશે. અમદાવાદ જંકશન સ્ટેશનથી પ્રસ્થાનનો સમય ૧૭:૪૦ કલાકનો રહેશે.

આ રીતે આ ટ્રેન પોરબંદર અને અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ (Partial Cancelled) રહેશે.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે દક્ષિણ પૂર્વ રેલવે તથા પૂર્વ રેલવે ક્ષેત્રમાં કુર્મી આદિવાસી આંદોલનના કારણે પેયરિંગ રેક ૧૨૯૫૦ સાંતરાગાછી-પોરબંદર કવિગુરૂ સુપરફાસ્ટ મોડું ચાલી રહી છે. પેયરિંગ રેકમાં થયેલા આ વિલંબને કારણે રેલ પ્રશાસને આ નિર્ણય લીધો છે કે ૨૫ સપ્ટેમ્બરે ચાલતી ટ્રેન નં. ૧૨૯૦૫ને પોરબંદરનાં સ્થાને અમદાવાદથી ચલાવવામાં આવે.

મુસાફરોને વિનંતી છે કે કૃપા કરીને ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરીની યોજના બનાવે. ટ્રેનના સમય, ઠેરાવ તથા રચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો વેબસાઈટ www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

### અમદાવાદ રેલ મંડળમાં કવચ પ્રણાલીનો ઝડપથી વિસ્તાર

# અમદાવાદ મંડળમાં ટ્રેન સુરક્ષા માટે "કવચ ૪.૦" ઈન્સ્ટોલેશનનું કામ ચાલુ

### અમદાવાદ-પાલનપુર, સામાખ્યાલી અને ગાંધીધામ રેલ માર્ગો પર કવચ ઈન્સ્ટોલેશન કાર્ય પ્રગતિ પર

કવચ ૪.૦ એક સ્વદેશી રીતે વિકસિત ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન (એટીપી) સિસ્ટમ છે. કવચ એક અદ્યતન ટેકનોલોજી આધારિત સિસ્ટમ છે, જેને ઉચ્ચતમ સ્તરનું (એસઆઈએલ -૪) સલામતી પ્રમાણપત્ર જરૂરી છે.

કવચ લોકો પાઈલટને નિર્ધારિત ગતિ મર્યાદામાં ટ્રેન ચલાવવામાં મદદ કરે છે, જો લોકો પાઈલટ તેમ કરવામાં નિષ્ફળ જાય તો આપમેળે બ્રેક લગાવે છે, અને પ્રતિકૂળ હવામાન દરમિયાન ટ્રેનોને સુરક્ષિત રીતે ચલાવવામાં પણ મદદ કરે છે.

ભારતીય રેલ્વે માટે આ એક મહત્વપૂર્ણ સલામતી સીમાચિહ્ન છે. ટૂંક સમયમાં, ભારતીય રેલ્વેએ ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન(ATP) સિસ્ટમ વિકસાવી, તેનું પરીક્ષણ કર્યું અને સ્થાપિત કરવાનું શરૂ કરી દીધું છે.

કવચ' બે સ્તરે કામ કરે છે - એક ઉપકરણ એન્જિનમાં લગાવવામાં આવે છે જેને લોકો ટીસીએએસ (ટ્રેન કોલિઝન એવોઈડન્સ સિસ્ટમ) કહેવામાં આવે છે અને બીજું સ્ટેશન અને રેલ્વે ટ્રેક પર સ્થાપિત થાય છે જેને સ્ટેશન ટીસીએએસ કહેવાય છે.

અમદાવાદ મંડળમાં 'કવચ' સિસ્ટમનો અમલ

ભારતીય રેલ્વે દ્વારા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વિકસિત કરવામાં આવેલી અદ્યતન સ્વદેશી પ્રણાલી "કવચ" નો અમલ અમદાવાદ ડિવિઝન પર પણ ઝડપી ગતિએ કરવામાં આવી રહ્યો છે. આ સિસ્ટમ ટ્રેન સંચાલનને વધુ સલામત, પ્રતિભાવશીલ અને નિયંત્રિત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

૧. વટવા લોકો શેડ ખાતે કવચ કાર્ય ની પ્રગતિ

વટવા લોકો શેડ કુલ ૧૬૯ એન્જિનો પર 'કવચ' સિસ્ટમ સ્થાપિત કરવાની કરવાની યોજના છે અત્યાર સુધીમાં ૨૩ એન્જિનો પર આ કાર્ય પૂર્ણ થઈ ગયું છે, જ્યારે બાકીના ૧૪૬ લોકોમોટિવ પર કામ ચાલુ છે. આ કાર્ય માટે ૧૪ પ્રશિક્ષિત ટેકનિકલ કર્મચારીઓની એક સમર્પિત ટીમની નિમણૂક કરવામાં આવી છે, અને તેઓ તબક્કાવાર રીતે કવચ સ્થાપિત કરવાનું કામ કરી રહ્યા છે.

૨. સાબરમતી લોકો શેડ ખાતે કવચ કાર્ય ની પ્રગતિ

સાબરમતી લોકો શેડ ખાતે ૪૫ WAG9HC એન્જિનો પર કવચ સ્થાપિત કરવામાં આવશે. જેમાંથી અત્યાર સુધીમાં ૭ એન્જિન પર ટ્રાયલ સફળતાપૂર્વક પૂર્ણ થઈ ચૂક્યું છે, જ્યારે ૩૮ એન્જિન પર કામ ચાલી રહ્યું છે. આ કામ માટે ૧૧ ટેકનિકલ કર્મચારી તૈનાત કરવામાં આવ્યા છે, જેઓ કવચ ની સૂક્ષ્મ સ્થાપના પ્રક્રિયા હાથ ધરે છે.

- ટ્રેક સેકસનો પર કવચ સ્થાપનની સ્થિતિ
- અમદાવાદ - પાલનપુર અને અમદાવાદ - સામાંખ્યાલી સેક્સન (કુલ ૪૦૨ આરકેએમ): આ રેલખંડ પર કવચ સ્થાપન માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે. આગામી બે વર્ષમાં કામ પૂર્ણ થશે.
- પાલનપુર - સામાખ્યાલી - ગાંધીધામ સેક્સન (લગભગ ૩૦૦ RKM): આ સેક્સન માટે પણ ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે અને આ કાર્ય બે વર્ષમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.
- અમદાવાદ - ગેરતપુર સેક્સન : (૧૩.૪૨ કિમી) આ સેક્સન પર કવચ પ્રણાલીનું સ્થાપનનું કાર્ય પૂર્ણ થઈ ગયું છે અને આ સેક્સન હવે કવચ થી સુંસજ્જિત છે.

કવચ સિસ્ટમમાં, લોકો પાઈલટે એન્જિનમાં ફીટ કરેલા ઓપરેશન પેનલ LP-OCIP (લોકો પાઈલટનું ઓપરેશન-કમ-ઈન્ડિકેશન પેનલ) પર ટ્રેનની માહિતી જેમ કે ગુડ્સ ટ્રેન કે પેસેન્જર ટ્રેન, કોચની સંખ્યા વગેરે દાખલ કરવાની હોય છે.

આનાથી,કવચ આપમેળે ટ્રેનની લંબાઈ અને બ્રેકિંગ અંતરની ગણતરી કરે છે.તેનો મુખ્ય હેતુ સિગ્નલ ક્રોસિંગની ઘટનાઓ SPAD (સિગ્નલ પાસ્ડ એટ ડેન્જર), સામસામે અથવા પાછળથી અથડામણ જેવા અકસ્માતોને રોકવાનો છે.

ભારતીય રેલ્વે દ્વારા આ પહેલ માત્ર સલામતી સુનિશ્ચિત કરતી નથી પરંતુ આધુનિક ટેકનોલોજી દ્વારા ટ્રેન કામગીરીને વધુ પ્રતિભાવશીલ અને નિયંત્રિત પણ બનાવે છે. અમદાવાદ ડિવિઝન રેલ્વે સલામતીના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ પગલું આગળ વધારી રહ્યું છે, અને "કવચ" સિસ્ટમ તેના ભવિષ્ય માટે એક મજબૂત પાયો સાબિત થઈ રહી છે.

### દર ત્રણ મહિને હિમોગ્લોબીનના સ્તરની કરાય છે ચકાસણી

# ગુજરાતની અંદાજે ૧૦ લાખ કિશોરીઓ પૂર્ણા યોજનાથી લાભાન્વિત થઈ વધુ સુપોષિત અને સશક્ત બની રહી છે

### કિશોરીઓને પૂર્ણા દિવસે ટેક હોમ રાશનના ચાર પેકેટ, આયર્ન ફોલિક એસિડ, કૃમિનાશકની ગોળીઓ અપાય છે

ગુજરાતના બાળકો, કિશોરીઓ અને માતાઓના આરોગ્ય અને પોષણને સુધારવા માટે રાજય સરકાર પ્રયત્નશીલ છે. આ દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું એટલે વર્ષ ૨૦૧૮માં શરૂ થયેલી "પૂર્ણા"- PURNA – પ્રીવેન્સન ઓફ અન્ડર ન્યુટ્રીશન એન્ડ રીડકશન ઈન ન્યુટ્રીશનલ એનીમીયા યોજના. આ યોજના હેઠળ રાજ્યની અંદાજે ૧૦ લાખ કિશોરીઓ લાભ મેળવી સુપોષિત બની રહી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ તથા મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાના માર્ગદર્શન હેઠળ આ યોજના કિશોરીઓના સર્વાંગી વિકાસ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. જેમાં ૧૫ થી ૧૮ વર્ષની શાળાએ જતી અને ન જતી તમામ કિશોરીઓનો સમાવેશ થાય છે. આર્થિક રીતે નબળા વર્ગની કિશોરીઓ માટે આ યોજના આશાનું કિરણ બની છે.

પૂર્ણા યોજના ગુજરાતના ભવિષ્યને વધુ સ્વસ્થ અને સશક્ત બનાવવાનો એક મજબૂત પાયો સાબિત થઈ રહી છે. આ યોજના માત્ર કિશોરીઓની પોષણની ઉણપને દૂર કરવા પૂરતી સીમિત નથી આ યોજના કિશોરીઓને જીવનના પડકારોનો સામનો કરવા માટે પણ સશક્ત બનાવે છે.

- પોષણ સંબંધિત સેવાઓ:

પૂર્ણા યોજના હેઠળ આંગણવાડી કેન્દ્રોમાં મહિનાના ચોથા મંગળવારે "પૂર્ણા દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે કિશોરીઓને પૂર્ણા શક્તિ THRના ચાર પેકેટ આપવામાં આવે છે. આ ઉપરાંત આરોગ્ય વિભાગના સહયોગથી તેમને વિનામૂલ્યે આયર્ન અને ફોલિક એસિડની ગોળીઓ આપવામાં આવે છે. તેમનું દર ત્રણ મહિને હિમોગ્લોબીનનું સ્તર તપાસવામાં આવે છે. વર્ષમાં બે વાર ઓગસ્ટ અને ફેબ્રુઆરી મહિનામાં તેમને કૃમિનાશક ગોળીઓ પણ આપવામાં આવે છે. પોષણની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે આંગણવાડી કેન્દ્રોમાં કિશોરીઓનું વજન અને ઊંચાઈ નિયમિત રીતે માપીને બોડી માસ ઈન્ડેક્સ પણ માપવામાં આવે છે.

- પોષણ ઉપરાંતની સેવાઓ:

પૂર્ણા યોજના કિશોરીઓના સંપૂર્ણ વ્યક્તિત્વ વિકાસ પર ભાર મૂકે છે. તેમનામાં આત્મવિશ્વાસ અને સ્વતંત્રતા કેળવવા માટે દર મહિનાના ચોથા મંગળવારે જીવન કૌશલ્યની તાલીમ આપવામાં આવે છે. આ ઉપરાંત, તેમને જાહેર સ્થળોની મુલાકાત પણ કરાવવામાં આવે છે. ૧૬ થી ૧૮ વર્ષની શાળાએ ન જતી કિશોરીઓને આત્મનિર્ભર બનાવવા માટે તેમને વ્યવસાયિક તાલીમ આપવામાં આવે છે.

આંગણવાડીમાં નિયમિત મમતા દિવસ દરમિયાન તેમની આરોગ્ય તપાસ કરવામાં આવે છે અને જરૂર પડ્યે તેમને મફત સારવાર માટે રીફર પણ કરવામાં આવે છે. શાળાએ ન જતી કિશોરીઓનું શિક્ષણ ચાલુ રહી શકે તે માટે આ યોજના હેઠળ તેમને પુનઃશાળા પ્રવેશ માટે પણ પ્રોત્સાહિત કરાય છે. આ યોજના થકી અનેક કિશોરીઓના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે. આ માટે, વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ. ૩૩૫.૪૦ કરોડનું બજેટ મંજૂર કરવામાં આવ્યું છે જે ગુજરાત સરકારની આ યોજના પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

- ઋચા રાવલ

### સામાજિક ન્યાય અને અધિકારીતા રાજ્યમંત્રી શ્રી ભીખુસિંહ પરમારની પ્રેરક ઉપસ્થિતિ

# સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાના હસ્તે અનુસૂચિત જાતિના સ્વરોજગારલક્ષી તેમજ થ્રી-વ્હીલર યોજનાના લાભાર્થીઓની કોમ્પ્યુટરાઈઝ ડ્રો દ્વારા પસંદગી

રાજ્યના અનુસૂચિત જાતિના નાગરિકો પોતાનું જીવન ગરિમાપુર્ણ જીવી નાના વ્યવસાયો થકી સ્વરોજગારી મેળવી આત્મનિર્ભર બને તે હેતુથી અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા સ્વરોજગાર લક્ષી તેમજ થ્રી વ્હીલર યોજના અમલી બનાવાઈ છે. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાએ અનુસૂચિત જાતિના સ્વરોજગારલક્ષી તેમજ થ્રી વ્હીલર યોજનાના લાભાર્થીઓની ગાંધીનગર ખાતેથી કોમ્પ્યુટરાઈઝ ડ્રો દ્વારા પસંદગી કરી હતી. જે અંતર્ગત પસંદગી પામેલા લાભાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા નજીવા દરે ધિરાણ આપવામાં આવે છે. જે અંતર્ગત રાજ્યના ૫૧૦ લાભાર્થીઓને વિવિધ યોજનાઓ માટે રૂ.૨૦ કરોડનું ધિરાણ અપાશે.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમાજના તમામ વર્ગોની ખાસ કરીને અનુસૂચિત જાતિના નાગરિકોના સશક્તિકરણ અને તેમને સમાન તક આપવા વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે. આ લાભાર્થીઓ વિવિધ યોજનાઓના માધ્યમથી નજીવા દરે સ્વરોજગારલક્ષી સાધનો ખરીદી નાના વ્યવસાયોમાં રોજગારી મેળવી આત્મનિર્ભર બનશે.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, વર્ષ ૨૦૨૫-૨૬ માટે અનુસૂચિત જાતિ વિકાસ નિગમ દ્વારા સ્વરોજગારલક્ષી યોજના, થ્રી વ્હીલરની યોજના, મારૂતી સુઝુકી ઈકો તેમજ ટ્રેકટર અને યાંત્રિક સાધનો ખરીદવા માટે અરજીઓ મંગાવવામાં આવી હતી. જેમાં રાજયમાંથી કુલ ૧૩,૨૦૯ અરજીઓ મળી હતી. જેનો ઓનલાઈન ડ્રો યુ-ટ્યુબ દ્વારા લાઈવ પ્રસારણ કરી સંપૂર્ણ પારદર્શિતાથી ૫૧૦ લાભાર્થી લંક્ષ્યાકની સામે અઢીગણા એટલે કે, ૧,૨૭૫ લાભાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. પસંદગી પામેલા લાભાર્થીઓની તબક્કાવાર ડોકયુમેન્ટ ચકાસણી કરવામાં આવશે, જેમાંથી ૫૧૦ પાત્રતા ધરાવતા લાભાર્થીઓને વિવિધ યોજનાઓ માટે નજીવા દરે ધિરાણ આપવામાં આવશે.

આજે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરશન, ગાંધીનગરની સ્વરોજગારલક્ષી યોજનામાં રૂ.૩.૦૦ કરોડના ધિરાણ માટે ૩૭૫ લાભાર્થીઓની, થ્રી-વ્હીલરની યોજનામાં રૂ.૬.૦૦ કરોડના ધિરાણ માટે ૫૦૦ લાભાર્થીઓની, મારૂતી સુઝુકી ઈકો યોજનામાં રૂ.૬.૫૦ કરોડના ધિરાણ માટે ૨૫૦ લાભાર્થીઓ તેમજ ટ્રેક્ટર અને યાંત્રિક સાધનો યોજનામાં રૂ.૪.૫૦ કરોડના ધિરાણ માટે ૧૫૦ લાભાર્થીઓ મળીને કુલ ૧૨૭૫ લાભાર્થીઓની પસંદગી મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાના હસ્તે ડ્રો દ્વારા કરવામાં આવી હતી.

આ સમગ્ર પ્રક્રિયાનું યુ-ટ્યુબમાં લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અનુસૂચિત જાતિ કલ્યાણના નિયામક અને અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના એમ.ડી શ્રી રચિત રાજ સહિત સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અધિકારીશ્રી અને અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

-પ્રિન્સ ચાવલા

# સાબરમતી લોકો શેડ દ્વારા WAG-9HC ઈલેક્ટ્રિક લોકોમોટિવનું પ્રથમ ઈન્ટરમીડિયેટ ઓવરહોલ (IOH) સફળતાપૂર્વક સંમ્પન્ન

અમદાવાદ મંડળ,પશ્ચિમ રેલવેના સાબરમતી લોકો શેડે તેની નોંધપાત્ર પ્રગતિ દર્શાવતા ઉચ્ચ-ક્ષમતાવાળા ઈલેક્ટ્રિક લોકોમોટિવ WAG-9HC નું પ્રથમ ઈન્ટરમીડિયેટ ઓવરહોલ (IOH) સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. આ સિદ્ધિ લોકો નંબર ૩૨૩૨૨ પર પ્રાપ્ત થઈ હતી, જેણે શેડની ટેકનિકલ કુશળતા અને સમર્પણ અને સશકત રૂપે સ્થાપિત કર્યું છે.



સાબરમતી શેડની સ્થાપના વર્ષ ૧૯૭૮ માં MG ડીઝલ YDM4 લોકોમોટિવની જાળવણી માટે કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૯ થી, શેડમાં ઉચ્ચ હોર્સ-પાવર WDG4 ડીઝલ લોકોમોટિવ જાળવણી શરૂ થઈ અને તે નિરંતર તેની ક્ષમતાઓનો વિસ્તાર કરી રહ્યું છે. માર્ચ ૨૦૨૩માં, શેડને થ્રી-ફેજ ઈલેક્ટ્રિક લોકોમોટિવની જાળવણીની જવાબદારી સોંપવામાં આવી હતી. આ દરમિયાન, કર્મચારીઓને વડોદરા, વટવા અને વલસાડ ઈલેક્ટ્રિક શેડમાં તાલીમ આપવામાં આવી હતી, અને ટૂંકા ગાળામાં જરૂરી કુશળતા પ્રાપ્ત કરી હતી. ત્યારબાદ, એપ્રિલ ૨૦૨૫ માં, શેડે સૌથી શક્તિશાળી WAG12B લોકોમોટિવની જાળવણી શરૂ કરી હતી. માત્ર દોઢ વર્ષમાં જ ઈલેક્ટ્રિક લોકોમોટિવ જાળવણીનો અનુભવ પ્રાપ્ત કરતા શેડે IOH કાર્ય નિર્ધારિત ધોરણો અનુસાર સફળતાપૂર્વક સંપન્ન કર્યું. નોંધનીય છે કે IOH શેડ્યૂલ દર છ વર્ષે કરવામાં આવે છે, જેમાં લોકોમોટિવની બધી સિસ્ટમોનું વ્યાપક નિરીક્ષણ અને ઓવરહોલ સામેલ હોય છે ,જેથી આગામી છ વર્ષ સુધી સરળ અને વિશ્વસનીય સંચાલન સુનિશ્ચિત કરી શકાય.

આ પ્રસંગે, અમદાવાદના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે લોકોમોટિવને લીલી ઝંડી આપી રવાના કરી અને અધિકારીઓ અને કર્મચારીઓના ઉત્તમ પ્રયાસો બદલ પ્રશંસા કરી. તેમણે દરેકને સતત તેમના કૌશલ્યમાં વધારો કરવા અને ભારતીય રેલ્વેની સેવાઓને વિશ્વ કક્ષાના ધોરણો સુધી વધારવા માટે પ્રોત્સાહિત કર્યા. આ સિદ્ધિ માત્ર સાબરમતી શેડની ટેકનિકલ ક્ષમતાનું પ્રમાણ નથી, પરંતુ ભારતીય રેલ્વેની સતત પ્રગતિ અને તેના મુસાફરો તથા ગ્રાહકોને ગુણવત્તાયુક્ત સેવાઓ પૂરી પાડવાની તેની પ્રતિબદ્ધતાને પણ દર્શાવે છે.

# આમ આદમી પાર્ટી ધારાસભ્ય ચૈતર વસાવાને ૮૦ દિવસ બાદ જેલમુકત : ખભે બેસાડી કરાયુ સ્વાગતઃ સરકાર સામે લડી લેવાનો ચૈતર વસાવાએ કર્યો હુંકાર

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાને હાઈકોર્ટમાંથી શરતી જામીન આપવામાં આવતા આજે બુધવારે તેમને જેલમાંથી મુકત કરવામાં આવ્યા હતા. વડોદરાની સેન્ટ્રલ જેલ ખાતે ૮૦ દિવસથી જેલવાસ ભોગવી રહેલા ચૈતર વસાવાના સત્કાર કાર્યક્રમ માટે આમ આદમી પાર્ટીના પ્રદેશ સહ પ્રભારી ગુલાબસિંહ યાદવ, પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવા, વડોદરા લોકસભા ઈન્ચાર્જ વિરેન રામી, વડોદરા શહેર પ્રમુખ અશોક ઓઝા, પીયુષ પટેલ , દાહોદ જિલ્લા પ્રમુખ રાધિકા રાઠવા સહિત મોટી સંખ્યામાં પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ચૈતર વસાવાનુ સ્વાગત કરવા માટે ઉમટી પડયા હતા.

કાર્યકર્તાઓએ વડોદરા સેન્ટ્રલ જેલની બહાર ચૈતર વસાવાનુ ફુલોના હાર પહેરાવી સ્વાગત કર્યુ હતું. જેલની બહાર આવ્યા બાદ મીડીયા સાથે વાતચીત કરતા ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યુ હતુ કે આ લોકોએ પૂર્વ આયોજીત રૂપે મારી સાથે મગજમારી કરી હતી, મેં પણ ફરીયાદની અરજી આપી હતી પરંતુ તેનો કોઈ જ ગુન્હો દાખલ કર્યો નહી અને મારા પર ખોટી ફરીયાદ કરવામાં આવી હતી. મારા પર હાફ મર્ડરની ૩૦૭ ની કલમ લગાવીને મને માથાભારે સાબિત કરીને ૮૦ દિવસ સુધી જેલમાં રાખવામાં આવ્યો જેની પાછળ ભાજપ અને પોલીસ પ્રશાસનનો ખુબ મોટો હાથ છે, હાઈકોર્ટે જે જામીન આપ્યા છે એને અમે આવકારીએ છીએ , આ અવાજ દબાવવાની વાત હતી, પરંતુ અમારો અવાજ દબાવવાનો નથી, કારણ કે આ ગુજરાતની જનતાએ આપેલો અવાજ છે, સંવિધાને આપેલો અવાજ છે, આ અવાજ કયારેય દબાવવાનો નથી, જયાં પણ અન્યાય થશે ત્યાં અમે અમારો અવાજ ઉઠાવતા રહીશુ,

હાઈકોર્ટે શરતી જામીન આપ્યા છે કે મારા મતવિસ્તારમાં મારે જવુ નહી, પણ મને આવનારા દિવસોમાં ચોકકસ ભરોસો છે કે નામદાર હાઈકોર્ટ અને નામદાર સુપ્રિમ કોર્ટમાં જઈશુ અને સત્યનો વિજય થશે જ, સત્ય પરેશાન થાય છે પરંતુ પરાજીત થતુ નથી, અને સત્યનો વિજય થશે જ, મહાનગરપાલિકા અને તાલુકા પંચાયત તેમજ જિલ્લા પંચાયતની જે ચુંટણી છે એ અમે લડવાના છીએ, પરંતુ વિપક્ષના ધારાસભ્યોનો અવાજ કઈ રીતે દબાવવો એ માટે ભાજપના નેતાઓ અને પોલીસ ષડયંત્ર કરી રહી છે, પોસ્ટમેટ્રીક, શિષ્યવૃત્તિ, મનરેગા યોજના, આવાસ યોજના, કરાર આધારીત ફીકસ પગારની વાત, આઉટસોર્સિંગ કર્મચારીની વાત પર હું સડક થી લઈને સદન સુધી લડુ છુ, એ ભારતીય જનતા પાર્ટીને પસંદ નથી. એ કારણસર જ મને ખોટા કેસમાં ફસાવી દેવામાં આવે છે.

# રાજય સરકારે નવા ૧૭ તાલુકાની આપી મંજુરીઃ તાલુકાની કુલ સંખ્યા હવે ૨૫૨ થી વધી ૨૬૯ થઈ

## અરવલ્લી જિલ્લાના બાયડમાંથી સાઠંબા નવો તાલુકો અને ભિલોડામાંથી શામળાજી નવો તાલુકો બનશે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ગુજરાતમાં આગામી સમયમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ યોજાવવા જઈ રહી છે. આ ચુંટણીઓને લઈને નવા સીમાંકન પણ જાહેર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત તાજેતરમાં જ મહેસાણાના બહુચરાજીને નગરપાલિકાનો દરજજો આપવામાં આવ્યો છે. રાજય સરકારની કેબિનેટમાં આજે બુધવારે રાજયમાં નવા ૧૭ તાલુકાઓને સૈધ્ધાંતિક મંજુરી આપી દેવામાં આવી છે, હવે રાજયમાં તાલુકાની સંખ્યા ૨૫૨ થી વધીને ૨૬૯ થઈ છે.

પ્રવકતા મંત્રીએ જણાવ્યુ હતુ કે વાવ-થરાદ જિલ્લામાં હાલના બનાસકાંઠા જીલ્લાના ૬ તાલુકાઓ વાવ,થરાદ, સુઈગામ, ભાભર, દિયોદર અને લાખણીનો સમાવેશ કરીને થરાદને જિલ્લા મુખ્યમથક સાથે વાવ થરાદ જિલ્લાની રચનાને કેબિનેટ દ્વારા મંજુરી આપી દેવામાં આવી છે. તેમણે નવા તાલુકાઓની રચના અંગેની વિગતો આપતા જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૧૩ માં નવા ૨૩ તાલુકાઓની તેમણે કરેલી રચના બાદ પ્રથમવાર સૌથી વધુ સંખ્યામાં ૧૭ નવા તાલુકાઓની રચનાનો મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકારે નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ ગત સ્વતંત્રતા દિવસે મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજનાની જે જાહેરાત કરેલી છે તેનો લાભ નવા બનનારા તાલુકા મથકોને મળવાથી તેનો પણ શહેરીઢબે વિકાસ થઈ શકશે. આ નવા ૧૭ તાલુકાઓની રચના થવાથી હાલના ૫૧ વિકાસશીલ તાલુકાઓની સંખ્યામાં ૧૦ તાલુકાઓનો વધારો થશે અને તેમને પણ વિકાસશીલ તાલુકાઓને મળતી ગ્રાન્ટનો લાભ મળતો થશે.

નવા તાલુકાઓની યાદી મુજબ જોઈએ તો (૧) થરાદ જિલ્લામાંથી રાહ નવો તાલુકો બનશે (૨) સોનગઢમાંથી ઉકાઈ નવો તાલુકો બનશે (૩) માંડવીમાંથી અરેઠ નવો તાલુકો બનશે (૪) મહુવામાંથી અંબિકા નવો તાલુકો બનશે (૫) સંતરામપુરના શહેરામાંથી ગોધર નવો તાલુકો બનશે (૬) લુણાવાડામાંથી કોઠંબા નવો તાલુકો બનશે (૭) ડેડીયાપાડામાંથી ચીકદા નવો તાલુકો બનશે (૮) વાપી કપરડા પારડી તાલુકામાંથી નાના પોઢા તાલુકો બનશે (૯) વાવ માં થી ધરણીધર નવો તાલુકો બનશે (૧૦) કાંકરેજમાંથી ઓગળ નવો તાલુકો બનશે (૧૧) દાંતામાંથી હડાદ નવો તાલુકો બનશે (૧૨) ઝાલોદમાંથી ગુરૂગોવિંદ લીંબડી નવો તાલુકો બનશે (૧૩) જેતપુર પાવી માંથી કદવાલ નવો તાલુકો બનશે (૧૪) કપડવંજ અને કઠલાલમાંથી ફાગવેલ નવો તાલુકો બનશે (૧૫) ભિલોડામાંથી શામળાજી નવો તાલુકો બનશે (૧૬) બાયડમાંથી સાઠંબા નવો તાલુકો બનશે (૧૭) ફતેપુરામાંથી સુખસર નવો તાલુકો બનશે.

# રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત ગુજરાતની મુલાકાતે : ભાજપ પર કર્યા આકરા પ્રહારો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના દિગ્ગજ નેતા અશોક ગેહલોત આજે બુધવારે ગુજરાતની મુલાકાતે આવી પહોચ્યા હતા. ગુજરાત પહોચતાની સાથે જ કોંગ્રેસ નેતાએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યુ હતુ કે કનૈયાલાલની હત્યામાં એનઆઈએ નિષ્ફળ રહ્યુ હતુ,

પૂર્વ મુખ્યમંત્રીએ ભાજપ પર ગંભીર આરોપ લગાવતા કહ્યુ હતુ કે કનૈયાલાલની હત્યા ભાજપના જ કાર્યકર્તાઓએ કરી હતી. કનૈયાલાલની હત્યા કરવામાં આવી છે, રાજસ્થાનમાં કોંગ્રેસ હાર્યુ તેના કારણે કનૈયાલાલની હત્યા કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ભાજપે હિન્દુ-મુસ્લીમ તરીકે પ્રચાર કર્યો હતો. કોંગ્રેસે કનૈયાલાલના પરીવારને ૫૧ લાખની સહાય કરી હતી. છેલ્લા ૩ વરસમાં એનઆઈએએ કોઈ તપાસ કરી નથી.

# ગુજરાતમાં રોગચાળાએ માથુ ઉંચકયું : સુરત શહેરમાં જીવલેણ રોગચાળાના આતંકે ૩ લોકોનો જીવ લીધો

પ્રતિનિધિ,ગાંધીનગર



સુરત શહેરમાં રોગચાળો ખુબ જ ઝડપથી ફેલાઈ રહ્યો છે. જેના કારણે આરોગ્ય તંત્રની ચિંતા વધી ગઈ છે. છેલ્લા કેટલાક દિવસોથી કેસની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે.


સુરત શહેરના વિવિધ વિસ્તારોમાં તાવ, ડેન્ગ્યુ અને મેલેરીયા જેવા રોગોનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. સૌથી ગંભીર બાબત એ છે કે એક જ દિવસમાં તાવના કારણે ૩ લોકોએ જીવ ગુમાવ્યો છે. આ ઘટના બાદ આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યુ છે અને પરીસ્થિતિને નિયંત્રિત કરવા માટે તાત્કાલીક પગલા લઈ રહ્યુ છે. આ રોગચાળામાં સૌથી વધુ અસર બાળકો અને વૃધ્ધો પર જોવા મળી રહી છે. સુરતના સચિન વિસ્તારમાં માત્ર ૫ મહિનાના બાળકનુ તાવમાં સપડાયા બાદ કરૂણ મોત થયુ હતું. આ ઘટનાથી પરીવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે અન્ય એક કિસ્સામાં પાલ વિસ્તારમાં રહેતા ૩૮ વર્ષીય મોહંમદ સોયેબ ને છેલ્લા ૩ દિવસથી તાવ આવતો હતો, તેમની તબિયત બગડતા તેમને નવી સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ ટુંકી સારવાર બાદ તેમનુ પણ મોત થયુ, આ ઉપરાંત ઉન પાટીયા વિસ્તારમાં રહેતા ૪૫ વર્ષીય એક યુવકનુ પણ તાવના કારણે મોત થયુ છે. એક જ દિવસમાં ૩ મોત થતા શહેરમાં ભયનુ વાતાવરણ ફેલાયુ છે.

આ ગંભીર પરીસ્થિતિને જોતા સુરત મ્યુનિસીપલ કોર્પોરેશન (એસએમસી) નુ આરોગ્યતંત્ર દોડતુ થયુ છે. રોગચાળાને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. શહેરમાં ફોગીંગ અને સફાઈ અભિયાનને વધુ વેગ આપવામાં આવ્યો છે. લોકોને સ્વચ્છતા જાળવવા અને પાણીનો ભરાવો ન થવા દેવા માટે જાગૃત કરવામાં આવી રહ્યા છે. હોસ્પીટલોમાં તાવના દર્દીઓ માટે ખાસ વોર્ડ તૈયાર કરવામાં આવ્યા છે. આરોગ્ય કેન્દ્રો પર દવાઓ અને જરૂરી મેડીકલ સાધનોનો પુરતો સ્ટોક રાખવામાં આવ્યો છે. આરોગ્ય વિભાગે લોકોને અપીલ કરી છે કે જો કોઈને પણ તાવ, માથાનો દુઃખાવો, શરીરમાં દુઃખાવો કે અન્ય કોઈ લક્ષણો જણાય તો તાત્કાલીક ડોકટરની સલાહ લે. સમયસર સારવાર જ જીવ બચાવી શકે છે. રોગચાળાને કાબુમાં લેવા માટે સ્થાનિક પ્રશાસન અને નાગરીકોના સહયોગની ખુબ જ જરૂરી છે.

# ટેટ-૧ ની પરીક્ષા માટે સમયમાં વધારો કરવામાં આવ્યો : પરીક્ષા માટે સમય ૯૦ મીનીટથી વધારી ૧૨૦ મીનીટ કરાયો

## શિક્ષણ વિભાગ દ્વારા સત્તાવાર ઠરાવ જાહેર કરી માહિતી અપાઈ : ટેટ-૧ પરીક્ષા માટે પ્રશ્નોની સંખ્યા યથાવત રહેશે

પ્રતિનિધિ,ગાંધીનગર




ટેટ-૧ ની પરીક્ષાને લઈ મહત્વના સમાચાર આવ્યા છે. જેમાં ટેટ-૧ ની પરીક્ષા માટે સમયમાં વધારો કરવામાં આવ્યો છે. ટેટ-૧ ની પરીક્ષા માટે હવે સમય ૯૦ મીનીટથી વધારીને ૧૨૦ મીનીટ કરાયો છે. શિક્ષણ વિભાગ દ્વારા સત્તાવાર રીતે ઠરાવ કરીને માહિતી આપવામાં આવી છે, જોકે ટેટ-૧ ની પરીક્ષા માટે પ્રશ્નોની સંખ્યા યથાવત રહેશે. ટેટ-૧ ની પરીક્ષા માટે સમયમાં વધારો કરવામાં આવ્યો છે. ટેટ-૧ ની પરીક્ષા માટેનો સમય ૯૦ મીનીટથી વધારીને ૧૨૦ મીનીટ સુધી કરાયો છે. શિક્ષણ વિભાગ દ્વારા સત્તાવાર ઠરાવ કરીને આ અંગે માહિતી આપવામાં આવી છે. આ ઠરાવ મુજબ ટેટ-૧ ની પરીક્ષા માટેના પ્રશ્નોની સંખ્યા યથાવત રહેશે. રાજય પરીક્ષા બોર્ડ દ્વારા આ પરીક્ષા લેવામાં આવે છે. નોંધનીય છે કે અગાઉ ટેટ-૧ અને ટેટ-૨ પાસ કરનારા ઉમેદવારો માટે સર્ટીફીકેટ ની સમયમર્યાદામાં વધારો કરવામાં આવ્યો હતો. જે મુજબ સર્ટીફીકેટની મર્યાદા ૫ વરસ સુધીની કરાઈ હતી. સર્ટીફીકેટની સમયમર્યાદા અંગે શિક્ષણ વિભાગે નોટીફીકેશન જાહેર કર્યુ હતું. જે મુજબ ૫ વરસ અથવા નવી શિક્ષણનીતી જે વહેલુ હોય તે પ્રમાણે મર્યાદા રહેશે તેમ જણાવ્યુ હતું.

# ગુજરાત સરકારે નાયબ મામલતદાર વર્ગ-૩ની ૫૫૦૨ જગ્યાઓ ભરવા માટે આપી મંજુરી

પ્રતિનિધિ,ગાંધીનગર



**તમામ કલેકટર કચેરીમાં નાયબ મામલતદાર વર્ગ-૩ માટે ૫૧૮૬ જગ્યાની મંજુરીઃ નિમણુંક કરતા પહેલા મહેસુલ વિભાગ સાથે પરામર્શ કરવો પડશે**


રાજય સરકાર દ્વારા નાયબ મામલતદાર વર્ગ-૩ ની જગ્યા ભરવા માટે મંજુરી અપાઈ છે. નાયબ મામલતદાર વર્ગ ૩ ની ૫૫૦૨ જગ્યા માટે આ મંજુરી આપવામાં આવી છે. ૫૧૮૬ જગ્યા કલેકટર કચેરીમાં, જયારે ૧૭૩ જગ્યા પ્રતિ નિયુકિતથી ભરાશે.

જો કે કોઈપણ નિમણુંક કરતા કે રદ કરતા પહેલા મહેસુલ વિભાગ સાથે પરામર્શ કરવો પડશે તેવી માહિતી છે. રાજયમાં નાયબ મામલતદાર ની ભરતી માટે સરકારે લીલીઝંડી આપી છે. રાજય સરકારે નાયબ મામલતદાર વર્ગ-૩ ની કુલ ૫૫૦૨ જગ્યાઓ ભરવા માટે મંજુરી આપી છે. આ નિર્ણય અંગે મહેસુલ વિભાગે તાજેતરમાં એક પરીપત્ર જારી કરીને તમામ જિલ્લા કલેકટરોને જાણકારી આપી હતી. આ જગ્યાઓ ભરવા માટે કેટલીક શરતો અને પ્રક્રિયાઓ નિર્ધારીત કરવામાં આવી છે. આ ૫૫૦૨ જગ્યાઓમાંથી ૫૧૮૬ જગ્યાઓ કલેકટર કચેરીઓમાં ભરવામાં આવશે. જયારે ૧૭૩ જગ્યાઓ પ્રતિનિયુકિત (ડેપ્યુટેશન) દ્વારા ભરાસે.

ઉપરાંત ૨૭ જગ્યાઓ કલેકટર કચેરી દ્વારા સીધી ભરતી દ્વારા અને ૧૧૬ જગ્યાઓ ડેપ્યુટેશન રીઝર્વ તરીકે ભરવામાં આવશે. મહેસુલ વિભાગે સ્પષ્ટપણે જણાવ્યુ છે કે આ જગ્યાઓ ભરવા અથવા રદ કરવા માટે મહેસુલ વિભાગ સાથે પરામર્શ કરવો ફરજીયાત છે. તાકીદની કે અસાધારણ સ્થિતિમાં પણ મહેસુલ વિભાગની પૂર્વ મંજુરી વિના કોઈ ભરતી પ્રક્રિયા હાથ ધરી શકાશે નહી. આ નિર્ણયનો હેતુ ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા અને નિયમોનુ પાલન સુનિશ્ચિત કરવાનો છે. આ પરીપત્ર દ્વારા તમામ જિલ્લા કલેકટરોને આ નિર્દેશોનું ચુસ્તપણે પાલન કરાવવા જણાવવામાં આવ્યુ છે. જેથી નાયબ મામલતદાર વર્ગ-૩ ની ભરતી પ્રક્રિયા નિયમાનુસાર અને સરળતાથી પૂર્ણ થઈ શકે.

# ગુજરાતમાં ૬ દિવસમાં ૨.૮૯ લાખ લોકોની ટીબીની બિમારીનુ સ્કીનીંગ કરાયું

પ્રતિનિધિ,ગાંધીનગર



સ્વસ્થ્ય નારી સશકત પરીવાર અભિયાન અંતર્ગત ગુજરાતમાં છેલ્લા ૬ દિવસ કુલ ૫૧૭૬૪ થી વધુ સ્વાસ્થ્ય ચકાસણી કેમ્પ યોજવામાં આવ્યા છે. રાજયમાં આ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૨૮ લાખ થી વધુ નાગરીકોએ વિવિધ આરોગ્ય સેવાઓનો લાભ મેળવ્યો છે.

રાજયમાં સબ સેન્ટરથી લઈ મેડીકલ કોલેજમાં વિવિધ કેમ્પોનુ આયોજન કરાયુ રહ્યુ છે. ૨૨ મી સપ્ટેમ્બરે ૧૦૧૯૨ કેમ્પનુ આયોજન થયુ હતું. આ અભિયાનમાં ૨.૮૯ લાખ લોકોની ટીબીનુ બિમારીનુ સ્કીનીંગ કરાયુ હતું. રાજયના આરોગ્ય વિભાગના કહેવા પ્રમાણે ૬ દિવસમાં ૨૮,૫૮,૦૯૩ નાગરીકોએ વિવિધ આરોગ્ય સેવાઓનો લાભ લીધો છે. જેમાં ૮,૫૧,૬૧૩ જેટલા લેબ ટેસ્ટ અને ૩૭૧૪૧ જેટલા એકસ રે કરવામાં આવ્યા છે. આ ચકાસણી બાદ ૧૫૧૧૮ જેટલા નાગરીકોને સ્કીનીંગ કર્યા બાદની સારવાર અર્થે રીફર કરવામાં આવ્યા છે. ૧૧.૮ લાખ નાગરીકોનુ હાયપર ટેન્શન, ૧૧.૧૩ લાખ નાગરીકોનુ ડાયાબીટીસ અને ૭.૩૧ લાખ વ્યકિતઓના ઓરલ, બ્રેસ્ટ અને સર્વાઈકલ કેન્સરની તપાસ કરવામાં આવી હતી. અત્યાર સુધી ૮૧૭ જેટલા બ્લડ ડોનેશન કેમ્પનુ આયોજન થયુ છે. જેમાં ૭૭૨૦૮ યુનિટ બ્લડ એકત્ર કરાયુ છે. અભિયાન અંતર્ગત ૬૪ હજાર થી વધુ આયુષ્યમાન કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા છે.

# સેવા પખવાડીયા ઉજવણી અંતર્ગત મોડલ સોલર વિલેજ યોજનાના અનુસંધાને સાબરકાંઠા / અરવલ્લી જિલ્લાના સરપંચો સાથે પરીસંવાદ યોજાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




કેન્દ્ર સરકારના ઉર્જા મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં ઉર્જાના ઉત્પાદનમાં પુનઃપ્રાપ્ય ઉર્જાના સ્ત્રોતોનો વધુમાં વધુ ઉપયોગ થાય તેમજ દરેક નાગરીક પોતાના ઘર ઉપર જ ઉર્જા ઉત્પાદન કરી દેશના વિકાસની સાથે સાથે પોતાના આર્થિક વિકાસમાં પણ સહભાગી બને તેવા ઉમદા આશયથી ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી સુર્ય ઘર મુફત બિજલી યોજના લાગુ કરવામાં આવી છે. આ યોજનાના લાભો અને યોજનાને સંલગ્ન તમામ માહિતી છેવાડાના નાગરીક સુધી પહોચાડવા યુજીવીસીએલ કંપની દ્વારા એક મુહિમ ઉપાડેલ છે જે મુહિમના ભાગરૂપે સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર વર્તુળ કચેરી દ્વારા હિંમતનગર ખાતેની વિનાયક હોટલ ખાતે મોડલ સોલર વિલેજ યોજનાના અનુસંધાને સાબરકાંઠા / અરવલ્લી જિલ્લાના સરપંચો / લીડ બેંક મેનેજર તથા સોલર એજન્સી સાથે યુજીવીસીએલ કંપનીના મુખ્ય ઈજનેર બી જી પ્રણામી, વિશેષ મુખ્ય ઈજનેર આઈ જી કટારા, અધિક્ષક ઈજનેર વી એસ કટારા તથા અન્ય અધિકારીઓ દ્વારા એક પરીસંવાદનુ આયોજન ગઈ કાલે યોજાયુ હતું. સદર પરીસંવાદમાં પ્રધાનમંત્રી સુર્યઘર મુફત બિજલી યોજના સંદર્ભે વિવિધ ગામના સરપંચોને યોજના અંતર્ગત નોંધણીની પ્રક્રિયા, સબસીડી લાભ, પ્રક્રિયાની જાણકારી તેમજ વિજળી બીલમાં થનાર બચત તેમજ મોડલ સોલર વિલેજ સ્પર્ધા વિશે વિસ્તૃત માહિતી પુરી પાડવામાં આવી હતી. તેમજ આ પરીસંવાદમાં વિવિધ ગામના સરપંચોએ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. તદ્ઉપરાંત સરપંચોને પ્રધાનમંત્રી સુર્યઘર મુફત બિજલી યોજનાની માહિતી પ્રત્રિકાનુ પણ વિતરણ કરવામાં આવ્યુ હતું.

# સુરતમાં ગરબામાં રોફ જમાવતા નકલી PSI ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

ગુજરાતમાં ખાણી-પીણીથી લઈને ટોલનાકા, કોર્ટ અને અધિકારીઓ સુધ્ધા નકલી સામે આવી ચુક્યા છે. જોકે, આ નકલીની સિલસિલો હજુય યથાવત છે. હકીકતમાં સુરતમાં ગરબામાં રોફ જમાવતા નકલી PSI ઝડપાયો છે. આ શખસ લોકોને ઓન ડ્યુટી PSI છું એવું કહીને મફતમાં એન્ટ્રી લેતો હતો. જોકે, પોલીસને તેના પર શંકા જતા તપાસ કરતા આ મામલે ઘટસ્ફોટ થયો હતો. સુરતના ડુમસ ગરબામાં યુવરાજ રાઠોડ નામનો રત્ન કલાકાર પોતે PSI હોવાનો રોફ જમાવતો હતો. હાથમાં વોકીટોકી લઈને ઓન ડ્યુટી PSI છું કહીને મફતમાં એન્ટ્રી લેતો અને ગરબાની મજા માણતો હતો. જોકે, આ દરમિયાન અસલી પોલીસને શંકા જતા તેમણે આ શખસની પૂછપરછ કરી અને તેને ઝડપી પાડ્યો હતો. નોંધનીય છે કે, આરોપી જે વોકીટોકી લઈને ફરતો હતો તે તેના મિત્રનું હોવાનું સામે આવ્યો છે. પોલીસના હાથે ચઢ્યા બાદ તેણે પોતાના કૃત્ય માટે માફી પણ માંગી હતી. જોકે, પોલીસે આ મામલે આયોજકોની ફરિયાદ નોંધી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.